સુવિચાર
તડકાનું નામ તો ખોટું બદનામ છે, બાકી માણસ સૌથી વધુ માણસથી જ બળે છે !
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૫/૦૭/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિ ૐ
PENDAWALA
જીવનમાં ભુલ થાય એ ખોટું નથી પણ, એ ભુલમાંથી કઈ જ શીખાય નહી એ ખોટું છે...!
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.8999990099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ અષાઢ વદ-૫ વર્ષ : ૧૬ અંક : ૧૮૩


## ડૂબમાં જતી જમીનનું સંપાદન કરવા અને નવો માર્ગ બનાવવાની મંજૂરી મળતાં

# ભૈ વાહ : ઠેબી જળાશય છલોછલ ભરવાનો માર્ગ મોકળો

**અંદાજિત રૂપિયા ૧૩ કરોડ ૬૦ લાખનાં ખર્ચે ૧૭ હેક્ટર કરતાં વધુ જમીનનું સંપાદન કાર્ય કરાશે**

**દાયકાઓ બાદ ઠેબી જળાશયમાં વધારાનું ૪૬.૩૪ ટકા પાણી ભરી શકાશે**

**ડેમને પૂર્ણ સપાટીએ ભરવા માટે ગિરિયા અને બક્ષીપુર ગામની ૧૭.૨૫ હેક્ટર જમીન સંપાદિત થશે**

**યુવા ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયાની રજૂઆત સફળ રહી**



અમરેલી, તા. ૧૪

અમરેલી વિધાનસભાના ધારાસભ્ય કૌશિક વેકરિયા એક પછી એક વર્ષોજૂના પડતર પ્રશ્નોને હાથ ઉપર લઈ, સરકારમાં અસરકારક રજુઆત કરી, જનહિતમાં સુખદ નિર્ણય લેવડાવવામાં સતત સફળ થઈ રહ્યા છે. જનતા માટે કરવાની ધગશ અને કુનેહને કારણે અનેક પ્રકલ્પોને તેઓએ આ વિસ્તાર માટે મંજૂર કરાવ્યા છે. જેમાં ઠેબી સિંચાઈ યોજનાને પૂર્ણ સપાટીએ ભરવાના લેવાયેલ મહત્વપૂર્ણ નિર્ણયનો પણ સમાવેશ થાય છે.

ઠેબી સિંચાઈ યોજનામાં ૧૨૬ એફઆરએલ મીટર સુધી પાણી ભરવામાં આવે તો બિનસંપાદિત જમીનમાં ઉભેલા હયાત પાકને ભારે નુકસાન થાય. એટલે આ જમીનનું સંપાદન કરવું જરૂરી બને છે. જો આવી જમીનનું સંપાદન ન થાય તો જે હેતુ માટે સિંચાઈ યોજના બની હતી એ હેતુ મુજબ પાણીનો પુરતો સંગ્રહ ન થાય. જો આ ડેમને પૂર્ણ સપાટીએ ભરવામાં આવે તો આ ડેમમાં વધારાનું ૪૬.૩૪% વધુ પાણીનો સંગ્રહ કરી શકાય. ડેમને પૂર્ણ સપાટીએ ભરવા માટે અમરેલી તાલુકાના ગિરિયા અને બક્ષીપુર જેવા ગામડાઓની ૧૭.૨૫ હેકટર જેટલી જમીનનું સંપાદન કરવું પડે.

જે માટે ધારાસભ્યએ આ

અનુસંધાન પાના ૬ ઉપર

## વિધાનસભાનાં કોંગ્રેસ પક્ષનાં નેતા અમિત ચાવડાનાં શાબ્દિક પ્રહારો

# પહેલા ''નલ સે જલ'' મનરેગા અને જીઆઈડીસીમાં ૧૦૦ કરોડ કરતા વધારે રૂપિયાનો ભ્રષ્ટાચારનો આક્ષેપ

## ભ્રષ્ટાચારીઓને ત્યાં ઈડી અને આઈટી કેમ તપાસ કરતી નથી

અમરેલી, તા. ૧૪

આજરોજ ગુજરાત વિધાનસભા ખાતે પ્રેસ વાર્તામાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતુ કે, છેલ્લા ત્રણ દાયકાથી ગુજરાતમાં ભાજપના શાસનમાં જે રીતે ભ્રષ્ટાચાર શિષ્ટાચાર બની ચુકયો છે, કમિશન રાજ ચાલે છે, કોઈની પણ શેહ, શરમ કે ડર વિના સરકારમાં બેઠેલા લોકોના આશીર્વાદથી,મીલીભગતથી ખુલ્લેઆમ પ્રજાના ટેક્ષના પૈસાની લુંટ ચલાવવામાં



આવી રહી છે, એક પછી એક કૌભાંડો બહાર આવી રહ્યા છે. નલ સે જલ યોજનામાં કરોડોનું કૌભાંડ, મનરેગામાં કરોડોનું કૌભાંડ, જમીનના કરોડોના કૌભાંડ અને લાખો નહિ પણ કરોડોથી ઓછું કૌભાંડ ગુજરાતમાં દેખાય નહિં તેવી રીતે ચાલી રહ્યું છે. જીઆઈડીસીમાં પહેલા પણ અનેક કૌભાંડો બહાર આવી ચુકયા છે, ભ્રષ્ટાચાર વ્યાપક પ્રમાણમાં છે, ઔદ્યોગિક વિકાસના નામે પોતાના ખિસ્સા ભરવાની એક વ્યવસ્થિત પધ્ધતિથી જીઆઈડીસીમાં નેટવર્ક ચાલે છે. જુન મહિનામાં ઓડીટ વિભાગ દ્વારા પ્રિન્સીપલ એકાઉન્ટ જનરલના ઓડીટ રીપોર્ટની પ્રાથમિક કોપી સબમિટ કરવામાં આવી છે. જીઆઈડીસીમાં જે ટેન્ડરો થાય છે એમાં જે રકમ નક્કી થાય, કોન્ટ્રકટ અપાય

અનુસંધાન પાના ૬ ઉપર


શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૬૮૭૦ ૭૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

અમરેલી ડોકટર હાઉસ ખાતે આ સપ્તાહમાં સ્પેશ્યાલિસ્ટ વિઝિટીંગ ડોકટરો
તા.૧૭/૦૭/૨૦૨૫ - ગુરૂવાર, સવારે ૧૦:૦૦ થી ૧૧:૩૦
ડો. વિરલ વસાણી : ( ન્યુરો & સ્પાઈન સર્જન ) મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત
તા.૧૭/૦૭/૨૦૨૫ - ગુરૂવાર, સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
ડો. કૈવંત પટેલ : (ઈન્ટરવેન્શનલ પલ્મોનોલોજીસ્ટ) ફેફસાના રોગો અને એડવાન્સ બ્રોન્કોસ્કોપીનાં નિષ્ણાંત. PFT રીપોર્ટની સુવિધા ઉપલબ્ધ છે.
તા.૧૯/૦૭/૨૦૨૫ - શનિવાર, સવારે ૧૧ : ૦૦ થી ૦૧:૦૦
ડો.અંગદ શેઠ : ( બેરીયાટ્રીક કાઉન્સીલર ) વજન ઉતારવાનાં નિષ્ણાંત
તા.૧૯/૦૭/૨૦૨૫ - શનિવાર, સાંજે ૦૫ : ૦૦ થી ૬ : ૦૦
ડો. મૈત્રેય જોષી : ( યુરોલોજીસ્ટ & એન્ડ્રોલોજીસ્ટ ) કીડની, પથરી અને વ્યંધ્યત્વના રોગોનાં નિષ્ણાંત
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા

નારી હોસ્પિટલ
ડો. ચિરાગ કુબાવત M.B.D.G.O.
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com
હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
:: રીસેપ્શનિસ્ટ ::
(કમ્પ્યુટર / ધો. ૧૨ પાસ) (લેડીઝ-૨)
પગાર ધોરણ : 5,000 - 7,000
:: કમ્પ્યુટર ઓપરેટર :: (લેડીઝ-૨)
ડેટા એન્ટ્રી, સોફટવેર શીટ એન્ટ્રી, મેડીકલ સ્ટોક મેનેજમેન્ટ, તેમજ ઓનલાઈન પ્રિસ્કીપ્શન રાઈટીંગ માટે અનુભવી
પગાર ધોરણ : 5,000 - 7,000
:: સમય ::
સવારે : ૯ : ૦૦ થી બપોરે ૩ : ૦૦
બપોરે : ૩ : ૦૦ થી રાત્રીના ૧૦ : ૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું ફોન કરવો નહીં

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
88,000/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૧૪/૦૭/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર... મેગાસીટીમાં થતા ફુવારા પધ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજી થી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
દ્રષ્ટિ આંખની હોસ્પિટલ
ડો.અભિષેક ઠાકર
રોયલ કોમ્પ્લેક્ષ, ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમા ધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
STAR | TATA AIG INSURANCE WITH YOU ALWAYS | Medi Assist | SBI general | care | RELIANCE Health Insurance | BAJAJ Allianz

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Export Executive
Experience : 3 Years
Age : 30 + years
Education : Bsc | Msc | B.com | M.com | BBA | Bca
Salary : 30,000/- to 40,000/-
Location : Amreli
sheetalhr530@gmail.com
+91 90819 98018
APPLY NOW

## સમગ્ર પંથકના કૃષિ ઉત્પાદનોમાં જબ્બરો ફાયદો થશે

# આનંદો : બાબરાનો રામપરા ચેકડેમ થયો છલોછલ

**મહાકાય ચેકડેમ છલોછલ થતાં પાણીનાં તળ ઊંચા આવવાથી જમીન થશે લીલીછમ**

**રવિવારનાં રજાનાં દિવસે જ ચેકડેમ છલોછલ થતાં પ્રકૃતિપ્રેમીઓ ટોળે વળ્યા**

**અનેક વ્યકિતઓ સહપરિવાર ચેકડેમમાં ધુબાકા મારતા જોવા મળ્યા**

**રામપરા ચેકડેમ છલોછલ થતાં સમગ્ર પંથક ખૂશીથી ઝુમી ઉઠયો**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૪

બાબરામાંગતમોડીસાંજથી રાતસુધીત્રણઈંચથીવધુવરસાદપડતાં શહેરમાં કરીયાણા રોડપર આવેલ રામપરા ડેમ ભરાયને છલકાય જતા નયનરમ્યદ્રશ્યસર્જાયુંહતું.અહીંશહેરના લોકોપરિવારસાથે ડેમમાંન્હાવાઉમટી પડયાહતા.

રામપરા ડેમ ભરાય જતા બાબરા વિસ્તારના અમુક ખેડૂતો તેમજ ખાખરીયા અને દરેડનાં ખેડૂતોને સિંચાઈનોસીધોલાભમળવાથીખેડૂતોમાં પણ ખુશી જોવા મળી હતી. અહીં ડેમ છલકાયનેતેનું પાણીઆગળખાખરીયા ગામે કાળુભાર નદીમાંભળતા નદી પણ બે કાંઠે વહેવા લાગી હતી.

## જાગૃત નાગરિક અને પત્રકારની રજુઆત બાદ

# અંતે સાવરકુંડલાની નાવલી નદીનાં પુરથી નુકસાનગ્રસ્ત થયેલ માર્ગનું સમારકામ શરૂ

**પાલિકાનાં શાસકોની કામગીરીથી રાહતની લાગણી**



સાવરકુંડલા, તા. ૧૪

સાવર અને કુંડલાને જોડતા, મણિનગર બીડી કામદાર વિસ્તારમાંથી પસાર થતા મુખ્ય માર્ગનું નાવલી નદીમાં આવેલાપૂરેભારેનુકસાનપહોંચાડયુંહતું. આમાર્ગવાહનવ્યવહારમાટેબંધથઈજતાં સ્થાનિકરહીશોઅનેરાહદારીઓનેભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. સ્થાનિકપત્રકારદ્વારાઆમામલેપાલિકા તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. તેમના સતત પ્રયાસો અને રજૂઆતોને પગલે પાલિકા તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ રસ્તાના સમારકામની કામગીરી હાથ ધરવામાંઆવી હતી, અને યુધ્ધના ધોરણે તેનેપુનઃચાલુકરવામાંઆવ્યો છે.

આ કામગીરીથી સ્થાનિક રહીશો તેમજ રાહદારીઓએ ભારે હાશકારો અનુભવ્યો છે. આ કામગીરી બદલસૌએસાવરકુંડલાનગરપાલિકાના ચીફ ઓફિસર ગોહિલ, એસ.આઈ. ભુપતભાઈ ખુમાણ, ડ્રાઈવર મનોજભાઈ પાંડે અને જેન્તીભાઈ રાણાવડીયાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. સોહીલ શેખના સક્રિય યોગદાન અને પાલિકા તંત્રની સમયસરની કામગીરીને કારણેજાહેરજનતાનીમુશ્કેલીઓનોઅંત આવ્યો છે.

## ગાંધીવાદી વિચારધારા ધરાવતા અને ખાદીપ્રેમી વ્યકિતને મહત્વની જવાબદારી

# સાવરકુંડલા : ગુજરાત રાજય ખાદીગ્રામદ્યોગ સંસ્થા સંઘના ચેરમેન પદે પરાગ ત્રિવેદીની વરણી

**રાજયભરની ખાદીગ્રામદ્યોગની સંસ્થાઓનો વિકાસ કરવાનું ઘ્યેય**



સાવરકુંડલા, તા. ૧૪

ગુજરાતની ખાદી ગ્રામોદ્યોગનીસંસ્થાઓનીસામાન્યસભા અમદાવાદ ખાતે મળી હતી જેમાં સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતની સંસ્થઓનાપ્રમુખમંત્રીનીઉપસ્થિતિમાં સમગ્રગુજરાતનુંપ્રતિનિધિત્વકરવામાટે પરાગભાઈ ત્રિવેદીની પસંદગી થવા પામીછે. પરાગભાઈત્રિવેદીગાંધીવાદી કાર્યકરસ્વ. હર્ષદભાઈત્રિવેદીનાસુપુત્ર છેઅનેહર્ષદભાઈત્રિવેદીસ્વતંત્રસેનાની અને પીઢ ગાંધીવાદી લલ્લુભાઈ શેઠના અુનયાયી છે ત્યારે ખાદીમાં જેનો જન્મ થયોછેઅનેખાદીઅનેગાંધીવિચારધારા જેના લોહીમાં છે તેવા પરાગભાઈ ત્રિવેદીનીગુજરાતરાજયખાદીગ્રામદ્યોગ સંસ્થા સંઘના ચેરમેન તરીકે સર્વાનુમતે વર્ણીતથાસાવરકુંડલાઅનેખાદીગ્રામ્ય ઉદ્યોગનીતમામસંસ્થાઓઅનેતેનામિત્ર વર્તુળમાં ખુશીનો માહોલ છે ત્યારે પરાગભાઈ ત્રિવેદીએ જણાવ્યું કે દરેક સંસ્થાઓ સાથે તાલમેલ કરી ગુજરાતભરમાં આવેલી અસંખ્ય ખાદીગ્રામદ્યોગનીસંસ્થાઓનોઆવતા દિવસોમાંવિકાસથશેતેવીઆશાવ્યકત કરી હતી સાથે સાથે અહીં મિટિંગમાં ઉપસ્થિતગુજરાતનીસંસ્થાઓનાપ્રમુખ મંત્રી અને હોદેદારોએ નવનિયુકત ચેરમેનપરાગભાઈત્રિવેદીનેશુભેચ્છા આપીહતી. ત્યારે સાવરકુંડલાના મીત્ર વર્તુળમાંપત્રકારદિલીપજીરૂકા, સંજય પટેલ, પલ્લવ મહેતા, હકુદાસ પટેલ, દિલુભાઈ બોરીચા, લલિત ગઢવી, ઈકુલસંવટ, જીગ્નેશઉપાધ્યાય, ગુલ્લે વિમલ વ્યાસ સહીતના મિત્રોએ પરાગભાઈને શુભકામના પાઠવી હતી.

## માર્ગ–મકાન વિભાગ દ્વારા મરામતની તૈયારી

# અમરેલી જિલ્લાનાં ૭૪ કિ.મી. અંતરનાં વિવિધ ૯૬ માર્ગોનાં સર્વેની કામગીરી પુરજોશમાં

**તમામ માર્ગો પર ડામર તેમજ મેટલ પેચવર્કની કરાશે કામગીરી**



અમરેલી, તા. ૧૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૂચનાને પગલે રાજયભરના વિવિધ માર્ગોના મરામત માટેની કામગીરી હાથ ધરવામાં આવશે. આગામી સાત દિવસમાં જિલ્લાના ૭૪ કિમી અંતરના વિવિધ ૯૬ માર્ગોના મરામત માટેના સર્વેની કામગીરી કરવાની અમરેલી માર્ગ અને મકાન પંચાયતની નેમ છે.

અમરેલી માર્ગ અને મકાન પંચાયતવિભાગદ્વારાઆવર્ષનાચોમાસા દરમિયાન નુકશાન પામ્યા હોય તેવા રસ્તાનીમરામતકામગીરીહાથધરવામાં આવી છે. જિલ્લાના અન્ય માર્ગો પર પણ મરામતકામગીરીશરૂકરવાતેમાટેજરૂરી પ્રક્રિયાતળેસર્વેકરવામાંઆવશે.

અમરેલી માર્ગ અને મકાન પંચાયત દ્વારા ચાલુ ચોમાસા દરમિયાન નુકશાન પામેલ રસ્તાઓનો સર્વે કરવામાં આવ્યો હતો, તે તમામ માર્ગો પર ડામર તેમજ મેટલ પેચવર્કની કામગીરી તાત્કાલિક અસરથી શરૂ કરવામાં આવી હતી.

ભારે વરસાદની સ્થિતિમાં નુકશાન પામ્યા હોય તેવા રસ્તાઓ માટે જરૂરી માટીકામ અને વધારાના હોય તેમજ માર્ગચાલકોને અડચણરૂપ હોય તે તમામ વણજોઈતા વૃક્ષોને જરૂરિયાત મુજબ કટ કરવાની કામગીરી પણ આ સાથે કરવામાં આવી રહી છે.

આમ, જિલ્લામાં અમરેલી માર્ગ અને મકાન પંચાયત દ્વારા વિવિધ કાર્યવાહી પ્રગતિ હેઠળ છે, તેમ અમરેલી માર્ગ અને મકાન પંચાયતના કાર્યપાલક ઈજનેર ચૌધરીએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

## તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીનો આક્ષેપ

# અમરેલી જિલ્લાનાં ખેડૂતોને કૃષિ રાહત પેકેજમાં ભારે અન્યાય

**માત્ર કપાસની નુકસાનીનુ વળતર અપાયુ**

અમરેલી, તા. ૧૪

ગત વર્ષે ઓકટોબર–૨૦૨૪માં સમગ્ર અમરેલી જીલ્લામાં અતિવૃષ્ટિને લીધે અમરેલી જિલ્લાના ખેડૂતોને પાક નિષ્ફળ ગયો હતો, જેને લઈને કોંગ્રેસ પક્ષ અને ખેડૂત આગેવાનો દ્વારા સરકારમાં સહાય ચૂકવવા માટેની માંગણી કરવામાં આવેલી હતી. પરંતુ ભાજપ સરકાર દ્વારા આંખ આડા કાન કરીને સહાય ચૂકવવાનું આજદિન સુધી ટાળવામાં આવી રહ્યું હતુ. વાસ્તવમાં ભાજપ સરકાર ખેડૂતોને અતિવૃષ્ટિની કોઈપણ જાતની સહાય આપવા માંગતી નહોતી, પરંતુ પાંચ મહિના બાદ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ આવતી હોય અને ખેડૂતોની નારાજગીના લીધે ભાજપ પક્ષનો સફાયો થાય તેમ હોય તેને ધ્યાનમાં રાખીને ભાજપ સરકારે ઓકટોબર–૨૦૨૪માં થયેલ અતિવૃષ્ટિની નુકસાનીનું વળતર આપવાનું નકકી કરીને કૃષિ સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. આ કૃષિ સહાય પેકેજમાં માત્રને માત્ર કપાસનું વાવેતર જે ખેડૂતોએ કર્યુ હોય અને નુકસાની થઈ હોય તેવા જ ખેડૂતોને બે હેકટરની મર્યાદામાં વધુમાં વધુ ૨૨,૦૦૦/– રૂપિયા સુધીની સહાય આપવાનું સરકારે નકકી કર્યુ છે, હવે ઓકટોબર–૨૦૨૪માં જે ખેડૂતોએ મગફળી, એરંડા, સોયાબીન, કઠોળ વગેરે જેવા પાકોનું વાવેતર કર્યુ હોય



અને અતિવૃષ્ટિના લીધે સદંતર પાક નિષ્ફળ ગયો હોય તો તેવા ખેડૂતોનો આ કૃષિ સહાય પેકેજમાં સમાવેશ કરવામાં આવ્યો નથી અને તેને વળતર પણ મળ વાપાત્ર થશે નહીં, આમ ભાજપ સરકારે કપાસ સિવાયના અન્ય પાકોનું વાવેતર કર્યુ હોય તેવા તમામ ખેડૂતોને હળહળ તો અન્યાય કર્યો છે, અમરેલી જીલ્લામાં ઓકટોબર–૨૦૨૪માં અતિવૃષ્ટિના લીધે ખેડૂતોને જે પાક નુકસાની થઈ હતી તેનો સરકાર દ્વારા આજદિન સુધી કોઈપણ પ્રકારનો સર્વે કરવામાં આવ્યો નથી તો ખેડૂતોને પાક નુકસાનીની સહાય સરકાર કયા આધારે આપશે ? તે ગંભીર પ્રશ્ન છે, માત્રને માત્ર કપાસનું વાવેતર કરતા ખેડૂતોને જ આ કૃષિ સહાય પેકેજમાં સામેલ કરીને અન્ય પાકોનું વાવેતર કરતા અમરેલી જિલ્લાના ખેડૂતો સાથે અન્યાય કરવાનું કામ ભાજપ સરકારે કર્યુ છે તેમ અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરી જણાવે છે.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ખુશ ખબર ખુશ ખબર ખુશ ખબર
સારા સમાચાર TATA AIA LIFE INSURANCE સારા સમાચાર
VACANCY Life Insurance Advisors
તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત
તમે ગમે તે વ્યવસાય કે નોકરીમાં હોય, તમે TATA AIA સાથે કામ કરીને તમારી બીજી આવક શરૂ કરી શકો છો.
જોડાઓ TATA AIA ની સાથે બનો Advisor અને મેળવો
Commission + Fixed Income
Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli

# મુખ્યમંત્રી કાર્યાલયની સુચના બાદ માર્ગ-મકાન વિભાગે આળશ ખંખેરી

# અમરેલી જિલ્લાનાં વિવિધ માર્ગોની મરામતની કામગીરી પૂર્ણ

**બાકી રહેતા અન્ય માર્ગોની પણ યુધ્ધનાં ધોરણે કામગીરી શરૂ કરાશે**

**જિલ્લાનાં વાહનચાલકોને થોડા મહિનાઓ સુધી અવરજવર કરવામાં સરળતા રહેશે**

**માર્ગ નિયમાનુસાર બનાવાયા હોત તો દિ'રાત દોડધામ કરવાની ન રહેત**

**ઠીક, જાગ્યા ત્યાંથી સવાર ગણીને કામગીરી શરૂ થઈ તે પણ આવકારદાયક**




અમરેલી, તા. ૧૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૂચના અનુસાર રાજયના વિવિધ માર્ગોની ચકાસણી માટે માર્ગ અને મકાન તંત્ર દ્વારા વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી છે.

જિલ્લામાં તાજેતરમાં થયેલા વરસાદ બાદ અમરેલી જિલ્લા માર્ગ અને મકાન રાજય દ્વારા જિલ્લાના વિવિધ માર્ગોની મરામત અર્થે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે.

વરસાદના કારણે નુકસાની થઈ છે તેવા વિવિધ માર્ગો પર માર્ગ અને મકાન વિભાગ દ્વારા પેચવર્કની કામગીરી તાત્કાલિક શરૂ કરવામાં આવી.

સ્થિતિને ધ્યાને વરસાદી વાતાવરણ હોવા છતાં માર્ગ અને મકાન રાજયની વિવિધ ટીમ દ્વારા વિવિધ માર્ગો પર સિમેન્ટ કોંક્રિટ પેચવર્કની કામગીરી કરવામાં આવી હતી. જયારે વરસાદી વાતાવરણ ન હોય ત્યારે ડામર પેચવર્કની કામગીરી કરી વાહનવ્યવહાર માટે સરળતા અને સુલભ વ્યવસ્થા કરવાની નેમ સાથે પ્રયત્ન કરવામાં આવ્યો છે.

માર્ગ અને મકાન રાજય હસ્તકના અમરેલી જિલ્લાના બગસરા-ચલાલા રોડ, ધારી-દલખાણીયા રોડ, અમરેલી-કુંકાવાવ રોડ, ચિત્તલ-રાંઢીયા-લુણીધાર રોડ, લાઠી-દામનગર રોડ વગેરે પર મરામત માટે ડામર પેચ કામગીરી કરવામાં આવી છે.

જિલ્લાના અન્ય માર્ગ પર મરામત કામગીરી માટે જરૂરી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે તેમ અમરેલી જિલ્લા માર્ગ અને મકાન રાજયના કાર્યપાલક ઈજનેરે એક યાદીમાં જણાવ્યુ છે.

## રાજુલા તાલુકા નિવૃત્ત કર્મચારી પેન્શનર મંડળની બેઠક યોજાશે

રાજુલા, તા. ૧૪

રાજુલા તાલુકા સરકારી નિવૃત કર્મચારી પેંશનર મંડળની મીટીંગ તારીખ ૧૬/૭/૨૫ને બુધવારના રોજ રાજુલા ગાયત્રી શક્તિ પીઠના હોલમાં સવારના ૯:૩૦ કલાકથી ૧૨:૩૦ કલાક સુધી મિટિંગ મળશે. આ મિટિંગમાં નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ મેરૂભાઈ મકવાણા જણાવે છે કે આ મિટિંગમાં નિવૃત્ત કર્મચારીના પડતર પ્રશ્નો જે હોય તે લાવવા તેમજ વધુમાં વધુ પેંશનરો હાજર તેમજ અમરેલી જિલ્લા પેન્શનર મંડળના પ્રમુખ રાજુભાઈ મહેતા હાજર રહેશે તેમજ જિલ્લાના દરેક તાલુકાના પ્રમુખ મંત્રીઓ પણ હાજર રહેશે તેમજ અમરેલી જિલ્લાના દરેક તાલુકાના પેન્શનર મંડળના પ્રમુખ મંત્રીઓ હાજર રહેશે અને યોગ્ય માર્ગદર્શન આપશે આમ મીટીંગ પૂર્ણ થયા બાદ તમામ પેન્શનર ભાઈ બહેનોને ભોજન સાથે લેવાનું છે. એમ રાજુલા તાલુકા પેંશનાર મંડળના પ્રમુખ મેરૂભાઈ મકવાણાની યાદી જણાવે છે. આ મિટિંગમાં મંડળના હોદ્દેદારોની નિયુક્તિ પણ કરવાની હોય જેથી નોંધાયેલા તમામ સભ્યઓએ હાજર રહેવા વિનંતી છે.

જે નિવૃત્ત કર્મચારીએ સભ્ય નોંધણી ન કરાવી હોય તેઓ હાજર રહી સભ્ય નોંધણી કરાવી રૂ. ૧૦૦ની પહોંચ મેળવી લેવા વિંનતી તેમજ મિટિંગ બાદ ભોજન સમારંભનો પણ આયોજન કરવામાં આવેલ છે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

સંજય ટાયર્સ સંજય ટ્રેડલીંક
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કુલ સામે, અમરેલી
સફારી પાર્ક, લાઠી બાયપાસ રોડ, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ પ્લેટ -ઘરા, જેક-ફીલ્ટર, બેટરી રીટેઈલ તથા હોલસેલ
કોમ્પ્યુટર રાઈઝ એલાઈમેન્ટ, બેલેનસીંગ, ઓટોમેટીક ટાયર ફીટીંગ, નાઈટ્રોજન એર, સર્વિસ ઉપલબ્ધ
YOKOHAMA CEAT JK TYRE MRF apollo EUROGRIP BRIDGESTONE GOODYEAR ALLIANCE MICHELIN Castrol HP TAPARIA BOSCH ASCENSO RUBBER KING JAINSON




સ્વ. ડો. હિતેશ શાહની.....
શ્રવણ કાન-નાક ગળાની હોસ્પિટલ
ડો. કૃતિકા હિતેશ શાહ
: ઉપલબ્ધ સારવાર :
- કાનમાંથી નિકળતી રસી, ફુગ, મેલ માટે નિદાન અને સારવાર
- કાનના પડદાના કાણા તથા સડાનું આધુનિક સાધનો દ્વારા ઓપરેશન ➤ કાનની બુદનું ઓપરેશન
- એલર્જી, ચકકર, સાયનસનું નિદાન અને સારવાર
- સ્વર પેટીનાં મસા, ચાંદી વગેરેનું નિદાન અને સારવાર
- એન્ડોસ્કોપિક સર્જરી, માઈક્રો ઈઅર સર્જરી
- $CO_2$ લેસર સર્જરી
- થાઈરોઈડ, લાળગ્રંથીના ઓપરેશન
સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૭:૩૦
સ્થળ : ભીડભંજન મંદિર પાસે, લીલીયા રોડ, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૪૫૭




લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન રીયલ એસ્ટેટ
ઉપલબ્ધ સુવિધાઓ
મિલ્કત લે - વેચ
રેડી પઝેશન
4 BHK
લોનેબલ ટાઇટલ ક્લિયર
21.9 X 42.8 ગ્રાઉન્ડ એરીયા
૧૭, એન્જલ-૨, લાઠી રોડ, અમરેલી.
નવલ મકવાણા
રેરા એપ્રુવ્ડ રીયલ એસ્ટેટ એજન્ટ
95 86 86 2345
ગ્રાઉન્ડ ફ્લોર, વ્હાઇટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)




જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
સેલ્સ ગર્લ્સ..૨
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪/૯૪૯૯૬ ૫૨૧૦૪

ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ■ કેળા વેફર્સ ■ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ■ મો. ૯૯૦૯૧ ૦૦૯૫૫



### હાઈકોર્ટનો દરવાજો ખખડાવવો પડશે

# આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાના જામીન ના મંજૂર

### તાલુકા પંચાયતના પ્રમુખ સંજય વસાવા પોલીસ ફરિયાદ કર્યા બાદ ચૈતર વસાવા વડોદરા સેન્ટ્રલ જેલમાં છે

નર્મદા, તા.૧૪

નર્મદા જિલ્લાના દેડિયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાને લાફા કાંડ સંબંધિત કેસમાં જામીન મેળવવામાં વધુ વિલંબનો સામનો કરવો પડશે. નીચલી કોર્ટ બાદ સેસન્સ કોર્ટે પણ જામીન ના મંજૂર કર્યા છે. ઉલ્લેખનીય છે કે ધારાસભ્ય ચૈતર વસાવા પ્રાંત કચેરી માં કાફા કાંડમાં ૫ જુલાઈથી જેલમાં છે. તાલુકા પંચાયતના પ્રમુખ સંજય વસાવા પોલીસ ફરિયાદ કર્યા બાદ ચૈતર વસાવા વડોદરા સેન્ટ્રલ જેલમાં છે. સરકારી પક્ષે ચૈતર વસાવાના જામીન ના મંજૂર કરવા માટે અગાઉના કેસોની રજૂઆત કરાઈ હતી. અગાઉના વર્ષ ૨૦૨૩ દરમિયાન ફોરેસ્ટ વિભાગના કેસમાં શરતી જામીન મળ્યા છે અને એટ્રોસિટીના કેસમાં પણ ચાલે છે. જામીન ના મંજૂર થતાં ચૈતર વસાવાએ હજુ પણ જેલવાસ ભોગવવો પડશે. જામીન અરજી માટે હવે હાઈકોર્ટનો દરવાજો ખખડાવવો પડશે.

નર્મદા જિલ્લાના દેડિયાપાડા ખાતે આમ આદમી પાર્ટી (AAP)ના ધારાસભ્ય ચૈતર વસાવા અને ભાજપ શાસિત તાલુકા પંચાયતના પ્રમુખ સંજય વસાવા વચ્ચે ગત શનિવાર (૫ જુલાઈ) ઉગ્ર બોલાચાલી બાદ મારામારીનો બનાવ બન્યો હતો. આ ઘટના ATVT (આદિજાતિ વિકાસ કચેરી)ની સંકલન બેઠક વખતે બની હતી. આ મામલે ફરિયાદ નોંધાયા બાદ દરમિયાન પોલીસ અને ચૈતર વસાવાના સમર્થકો વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું.

### કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું

# સરકાર વિરુદ્ધ જઈને કોર્ટમાં અરજી કરે તેવા માણસોની જરુર

### તેનાથી રાજનીતિ અને શાસનમાં અનુશાસન આવશે : ગડકરી

નવી દિલ્હી, તા.૧૪

સમાજમાં એવા લોકોની જરૂર છે, જે સરકાર વિરુદ્ધ કોર્ટમાં અરજી દાખલ કરે. કેન્દ્રીય સડક પરિવહન મંત્રી નીતિન ગડકરીએ આ વાત કહીને સૌને ચોંકાવી દીધા છે. જોકે તેની સાથે તેમણે પોતાની આ વાત પાછળનું કારણ પણ જણાવ્યું છે કે, તેમણે કહ્યું કે, તેનાથી રાજનીતિ અને શાસનમાં અનુશાસન આવશે.

પ્રકાશ દેશપાંડે સ્મૃતિ કુશલ સંઘટક પુરસ્કાર સમારંભમાં બોલતા ગડકરીએ કહ્યું કે ઘણી વાર જનતાની રાજનીતિના કારણે મંત્રી કંઈ કામ નથી કરી શકતા. પણ કોર્ટના આદેશ બાદ એ જ કામ થઈ જાય છે. તેમણે કહ્યું કે, સમાજમાં અમુક લોકો એવા હોવા જોઈએ, જે સરકાર વિરુદ્ધ કોર્ટમાં અરજી દાખલ કરે. આ રાજનીતિમાં અનુશાસન લાવે છે.

ગડકરીએ એવું પણ કહ્યું કે, ઘણી વાર કોર્ટના આદેશ એ બદલાવ લાવી દે છે, જે મંત્રી ઈચ્છતા હોવા છતાં પણ નથી લાવી શકતા, કેમ કે રાજકારણ મજબૂરીઓની વચ્ચે આવી જાય છે. તેમણે એ વાતના વખાણ કર્યા કે, કુશલ સંઘટક પુરસ્કાર મેળવનારા લોકો આવા જ સામાજિક કાર્યકર્તા છે. જેમણે સમય-સમય પર સરકારના નિર્ણયોને કોર્ટમાં પડકાર આપ્યો છે. ખાસ કરીને શિક્ષણના ક્ષેત્ર સાથે જોડાયેલા મામલામાં.

ગડકરીએ જણાવ્યું કે, આ લોકોએ શિક્ષણ વ્યવસ્થામાં કેટલાય ખોટા નિર્ણયોને કોર્ટના માધ્યમથી પડકાર આપ્યો અને ઘણા કિસ્સામાં સરકારને પોતાના નિર્ણય પાછા લેવા માટે મજબૂર કર્યા.

રાજનીતિક રીતે સત્તાધારી દળ હોવા છતાં, નીતિન ગડકરીનું આ નિવેદન એ દર્શાવે છે કે, લોકતંત્રમાં સંસ્થાગત દેખરેખ અને કાનૂની હસ્તક્ષેપનું કેટલું મહત્વ છે. તેમણે એવો પણ ઈશારો કર્યો કે, સ્વસ્થ લોકતંત્ર માટે આ જરૂરી છે કે, સરકારના નિર્ણયો પર સવાલ ઉઠાવવામાં આવે અને જો જરૂરી હોય તો તેને કોર્ટમાં પડકાર આપવામાં આવે.

### કેલિફોર્નિયામાં કરશે સ્પ્લેશડાઉન

# શુભાંશુ શુક્લા ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનથી પૃથ્વી પર આવવા રવાના

### ૨૬ જૂનના રોજ નાસાના કેનેડી સ્પેસ સેન્ટરથી સ્પેસએક્સના ડ્રેગન યાન દ્વારા શુભાશું શુક્લા અને તેમના સાથી Ax-૪ મિશન પર રવાના થયા હતા

વોશિંગ્ટન, તા.૧૪

ભારતીય વાયુસેનાના ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા સહિતની ટીમે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પર ઐતિહાસિક યાત્રા પૂર્ણ કર્યા બાદ અંતરિક્ષમાંથી વિદાય લઈ પૃથ્વી પર પરત આવવા માટે રવાના થયા છે. ૨૬ જૂન ૨૦૨૫ના રોજ નાસાના કેનેડી સ્પેસ સેન્ટરથી સ્પેસએક્સના ડ્રેગન યાન દ્વારા શુભાશું શુક્લા અને તેમના સાથી Ax-4 મિશન પર રવાના થયા હતા. આ મિશનમાં અમેરિકાના અનુભવી અંતરિક્ષ યાત્રી પેગી વ્હિટસન કમાન્ડર તરીકે અને અન્ય સભ્ય પોલેન્ડના સાવોસ ઉઝનાન્સ્કી અને હંગરીના તિબોર કપૂ સામેલ છે. શુભાંશુ શુક્લાએ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર ૧૮ દિવસ વિતાવ્યા બાદ આવતીકાલે પૃથ્વી પર આવશે. આ ચારેય કુલ ૨૫૦થી વધુ વખત પૃથ્વીની પરિક્રમા તરફથી ૬ મિલિયન મીલથી વધુનું અંતર પાર કર્યું. ૧૭ દિવસની આ યાત્રા દરમિયાન અંતરિક્ષ યાનની ટીમે ૬૦થી વધુ વૈજ્ઞાનિક પ્રયોગ કર્યા, જેમાં માઈક્રોએલ્ગી પર રિસર્ચ અને નવી સેન્ટ્રીફ્યૂગેશન ટેકનિક સામેલ છે.

શુભાશું શુક્લા અને ટીમે ગઈકાલે (૧૩ જુલાઈ) ફેરવેલ સેરેમની યોજી હતી. ત્યારબાદ આજે (૧૪ જુલાઈએ) તેઓ આઈએસએસ પરથી પૃથ્વી પર પરત ફરવા રવાના થઈ ગયા છે. તેઓ આવતીકાલે (૧૫ જુલાઈ) બપોરે અંદાજિત ત્રણ કલાકે કેલિફોર્નિયાના કિનારે સ્પ્લેશડાઉનની સાથે થશે. ISROના અનુસાર, પૃથ્વી પર પરત ફર્યા બાદ શુભાંશુ શુક્લાને ૭ દિવસના રિહેબિલિટેશન પ્રોગ્રામથી પસાર થશે, જેથી તેઓ પૃથ્વીની ગુરૂત્વાકર્ષણ સ્થિતિમાં સારું અનુભવી શકે.

ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનથી અલગ થયા બાદ ડ્રેગન અવકાશયાન કેટલાક એન્જિનોને બાળી નાખશે, કારણ કે સ્ટેશનથી સુરક્ષા દૂર જવા માટે આ પ્રક્રિયા ખૂબ મહત્ત્વની છે. ત્યારબાદ ડ્રેગમ પૃથ્વીના વાતાવરણમાં ફરીથી પ્રવેશ કરશે. આ દરમિયાન, તેનું તાપમાન ૧,૬૦૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. પેરાશૂટ બે તબક્કામાં ખુલશે, પહેલા ૫.૭ કિમીની ઊંચાઈ પર સ્ટેબલાઈજિંગ ચુટ્સ અને પછી મુખ્ય પેરાશૂટ લગભગ બે કિમી પર ખુલશે. ત્યારબાદ અવકાશયાનનું સુરક્ષિત ઉતરાણ શક્ય બનશે.

શુભાંશુ શુક્લા અને ટીમે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર ઐતિહાસિક યાત્રા દરમિયાન અંતરિક્ષ પરથી વિદાય લેતા પહેલા ખાસ વિદાય સમારોહ યોજ્યો હતો. આ ખાસ ક્ષણ એક વિદાય સમારોહ તરીકે ગઈકાલે (૧૩ જુલાઈ) સાંજે ૭:૨૫ વાગ્યે (ભારતીય સમયાનુસાર) આયોજિત કરાયું હતું. આ સમારોહ લાઈવ પ્રસારિત કરાયો હતો, જેને દુનિયાભરના લાખો લોકોએ નિહાળ્યું હતો. ફેરવેલ પ્રોગ્રામમાં Ax-4 મિશનની ટીમ અને NASAની Expedition 7E ટીમના સભ્ય પણ સામેલ હતા. શુભાંશુ શુક્લા ISS પર પહોંચનારા પહેલા ભારતીય છે. ફેરવેલ સમારોહમાં શુભાંશુ શુક્લાએ ભારત માટે મેસેજ આપતા કહ્યું કે, આજ કા ભારત સારે જહાં સે અચ્છા દિખતા હૈ.

### રાષ્ટ્રપતિ મૂર્મૂએ કરી નવી નિમણૂક

# ગોવા અને હરિયાણાના રાજ્યપાલને બદલાયા

### પ્રો. આશિમ કુમાર ઘોષને હરિયાણા અને પુષ્પાપતિ અશોક ગજપતિ રાજુને ગોવાના રાજ્યપાલ તરીકે નિયુક્ત

નવી દિલ્હી, તા.૧૪

દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ હરિયાણા અને ગોવામાં નવા રાજ્યપાલોની નિમણૂક કરી છે. આ ઉપરાંત, લદ્દાખમાં નવા લેફ્ટનન્ટ ગવર્નરની નિમણૂક કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પ્રો. આશિમ કુમાર ઘોષને હરિયાણા અને પુષ્પાપતિ અશોક ગજપતિ રાજુને ગોવાના રાજ્યપાલ તરીકે નિયુક્ત કર્યા છે, જ્યારે કવિંદર ગુપ્તાને લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

વરિષ્ઠ શૈક્ષણિક ભૂમિકા ભજવતા આશિમ કુમાર ઘોષને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા હરિયાણાના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમની પાસે ઉચ્ચ શિક્ષણમાં ઘણો વહીવટી અનુભવ છે, જેનો હવે હરિયાણાને ફાયદો થશે. તેઓ ટૂંક સમયમાં રાજ્યપાલ તરીકેનો કાર્યભાર સંભાળશે. ટીડીપીના વરિષ્ઠ નેતા અને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુના નજીકના પશુપતિ અશોક ગજપતિ રાજુને ગોવાના નવા રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

તેમણે ભારત સરકારમાં કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલય પણ સંભાળ્યું છે. દાયકાઓ સુધી ચાલેલી રાજકીય કારકિર્દીમાં, તેમણે આંધ્રપ્રદેશ અને કેન્દ્ર બંનેમાં ઘણા મહત્વપૂર્ણ પદો સંભાળ્યા છે. ૧૪ જુલાઈ ૨૦૨૫ ના રોજ ભારતના રાષ્ટ્રપતિ દ્વારા તેમને ગોવાના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ પચીસ વર્ષથી વધુ સમયથી આંધ્ર પ્રદેશ રાજ્ય વિધાનસભાના સભ્ય અને તેર વર્ષથી આંધ્ર પ્રદેશ સરકારમાં મંત્રી રહ્યા છે, જ્યાં તેમણે વાણિજ્યિક કર, આબકારી, કાયદાકીય બાબતો, નાણાં, આયોજન અને મહેસૂલ જેવા વિભાગો સંભાળ્યા હતા. જમ્મુ અને કાશ્મીરમાં ભાજપના વરિષ્ઠ નેતા કવિંદર ગુપ્તાને લદ્દાખના નવા લેફ્ટનન્ટ ગવર્નર બનાવવામાં આવ્યા છે. કવિંદર ગુપ્તા અગાઉ જમ્મુ અને કાશ્મીર વિધાનસભાના સ્પીકર રહી ચૂક્યા છે. જ્યારે જમ્મુ અને કાશ્મીરમાં પીડીપી અને ભાજપ ગઠબંધન સરકાર રચાઈ ત્યારે કવિંદર ગુપ્તાને નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા.

### ગિલને ખોટો આઉટ, રૂટને નોટઆઉટ આપ્યો

# ઓસ્ટ્રેલિયન અમ્પાયરના નિર્ણયો પર લોર્ડસમાં હોબાળો

### ઓસ્ટ્રેલિયન અમ્પાયર પોલ રાઇફલ ચોથા દિવસે ચર્ચામાં રહ્યા રાઇફલે કેટલાક નિર્ણયો આપ્યા જે ભારતીય ટીમ વિરુદ્ધ હતા

લોર્ડ્સ, તા.૧૪

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે લોર્ડ્સ ટેસ્ટ મેચમાં ચાર દિવસની રમત સમાપ્ત થઈ ગઈ છે. આજે પાંચમા દિવસની રમત રોમાંચથી ભરેલી હશે. છેલ્લા દિવસે ભારતીય ટીમને જીતવા માટે વધુ ૧૩૫ રન બનાવવા પડશે. બીજી તરફ, જો ઈંગ્લેન્ડની ટીમ જીતવા માંગતી હોય, તો તેણે છ વિકેટ લેવી પડશે. ઓસ્ટ્રેલિયન અમ્પાયર પોલ રાઈફલ પણ લોર્ડ્સ ટેસ્ટ મેચના ચોથા દિવસે ચર્ચામાં રહ્યા. રાઈફલે કેટલાક નિર્ણયો આપ્યા જે ભારતીય ટીમ વિરુદ્ધ હતા. ભારતીય ટીમના બીજા દાવમાં રાઈફલે કેપ્ટન શુભમન ગિલને વિકેટ પાછળ કેચ આઉટ જાહેર કર્યો. જોકે, શુભમન ગિલે તરત જ DRS લીધો. રિપ્લેમાં સ્પષ્ટપણે દેખાતું હતું કે બોલ તેના બેટથી લગભગ બે ઈંચ દૂર હતો. એટલે કે, રાઈફલનો નિર્ણય સ્પષ્ટપણે ખોટો હતો.

ઈંગ્લેન્ડની બીજી ઈનિંગમાં મોહમ્મદ સિરાજનો બોલ જો રૂટના પેડ પર વાગ્યો છતાં પોલ રાઈફલે જો રૂટના પક્ષમાં નિર્ણય આપ્યો. જોકે, ભારતીય ટીમે ફ્રઈજી લીધો. રિપ્લેમાં જોવા મળ્યું કે બોલ લાઈન પર પિચ થયો હતો અને બોલ જ્યાં વાગ્યો હતો ત્યાં લેગ સ્ટમ્પ સ્પષ્ટ દેખાતું હતું. જોકે, બોલ ટ્રેકિંગનો અંદાજ હતો કે બોલ સ્ટમ્પને હળવો સ્પર્શ કરીને બહાર જશે. તેથી અમ્પાયર કોલને કારણે પોલ રાઈફલનો નિર્ણય અકબંધ રહ્યો.

મોહમ્મદ સિરાજને વિશ્વાસ હતો કે તેણે રૂટની વિકેટ લીધી છે, પરંતુ ટેકનોલોજી અને પોલ રાઈફલના નિર્ણયે તેને આમ કરવાથી રોક્યો. સિરાજ અમ્પાયરના નિર્ણયથી ખૂબ નાખુશ દેખાતો હતો. સિરાજ ગુસ્સામાં હવામાં મુક્કો મારતો જોવા મળ્યો. કેપ્ટન શુભમન ગિલ પણ ગુસ્સામાં દેખાતો હતો. તો ભારતીય ટીમ પહેલાથી જ દબાણમાં હતી અને નસીબ પણ તેમનો સાથ આપતું નહોતું.

હવે ભારતીય ચાહકો પોલ રાઈફલના અમ્પાયરિંગની ટીકા કરી રહ્યા છે. કેટલાક ચાહકો તેની તુલના વેસ્ટ ઈન્ડીઝના ભૂતપૂર્વ અમ્પાયર સ્ટીવ બકનર સાથે કરી રહ્યા છે, જેમના નિર્ણયો વિવાદાસ્પદ હતા. ચાહકોએ કહ્યું કે જ્યારે ઈંગ્લેન્ડ બોલિંગ કરી રહ્યું હોય છે, ત્યારે પોલ રાઈફલની આંગળી ઝડપથી ઉંચી થાય છે.

બીજી તરફ, કોમેન્ટ્રી કરી રહેલા સુનીલ ગાવસ્કરે બોલ-ટ્રેકિંગ ડેટાની વિશ્વસનીયતા પર સવાલ ઉઠાવ્યા. ગાવસ્કરે કહ્યું, તમે કહી રહ્યા છો કે બોલ ફક્ત લેગ સ્ટમ્પને સ્પર્શી રહ્યો હતો. આવું ન થઈ શકે. બોલ લેગ સ્ટમ્પને ઉખેડી રહ્યો હતો. એકમાત્ર સારી વાત એ છે કે ભારતે રિવ્યૂ ગુમાવ્યો નહીં.

ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ બેટ્સમેન જોનાથન ટ્રોટે કહ્યું, મને આશ્ચર્ય થયું છે. રિપ્લે જોઈને સ્પષ્ટ થાય છે કે બોલ લેગ સ્ટમ્પના અંદરના ભાગમાં વાગ્યો હશે. રીઅલ ટાઈમમાં જોયા પછી પણ હું વિશ્વાસ કરી શકતો નથી કે આ બોલ સ્ટમ્પ મિસ કરી રહ્યો હતો.

### ટ્યુશન કરાવતા શિક્ષકોની ખેર નહીં

# DEOની નોટિસ બાદ ૧૧ શિક્ષકોને ઘરભેગા કરાયા

### સ્કૂલના શિક્ષકો દ્વારા ખાનગી કોચિંગ ક્લાસ ચલાવતા હોવાની DEOને ફરિયાદ મળતા કાર્યવાહી કરાઈ

અમદાવાદ, તા.૧૪

અમદાવાદની સરકારી, ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરાવતા શિક્ષકો પણ ટ્યુશન કરતા હશે તો તેમની ખેર નથી.

નોન ગ્રાન્ટેડ સ્કૂલના શિક્ષકો દ્વારા ખાનગી કોચિંગ ક્લાસ ચલાવવામાં આવતા હોવાની અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારી ગ્રામ્યને ફરિયાદ મળતા જિલ્લા શિક્ષણ અધિકારીએ કાર્યવાહી કરી છે. DEO અમદાવાદ ગ્રામ્યએ આ મામલે શાળાઓને નોટિસ ફટકારતા શાળાના સંચાલકોએ ૧૧ શિક્ષકોને ઘરભેગા કર્યા છે. ટ્યુશન ક્લાસ ચલાવતા સંચાલકોની એજ્યુકેશન ગ્રુપે ખાનગી કોચિંગ ક્લાસ ચલાવવામાં આવી રહી હોવાની DEOને ફરિયાદ કરી હતી. આ ફરિયાદમાં શિક્ષકો વિદ્યાર્થીઓને દબાણ કરીને તે ટ્યુશન ચલાવે છે તે પણ જણાવવામાં આવ્યું હતું તેમજ સ્કૂલ અને શિક્ષકના નામ સાથેની DEO કચેરીએ ફરિયાદ કરવામાં આવી હતી.

ફરિયાદ મળતા જિલ્લા શિક્ષણ અધિકારી ગ્રામ્ય કચેરી દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. જે મામલે અમદાવાદ ગ્રામ્ય કચેરી દ્વારા અલગ અલગ ટીમ બનાવીને તપાસ કરવામાં આવી રહી છે. જે શાળાઓના શિક્ષકો ટ્યુશન ક્લાસ ચલાવતા હતા કે વિદ્યાર્થીઓના ટ્યુશન કરતા હતા તે સ્કૂલમાં જઈને પણ તપાસ કરવામાં આવી છે. જે અંતર્ગત કેટલીક સ્કૂલોને નોટિસ ફટકારવામાં આવી હતી. ફ્રઈએ સ્કૂલને જાણ કરતા સ્કૂલના સંચાલકો દ્વારા તાત્કાલિક ૧૧ જેટલા શિક્ષકોને છૂટા કરવામાં આવ્યા છે.

આ સ્કૂલના શિક્ષકો સામે કાર્યવાહી

- એસ.એસ ડિવાઈન
- અંબિકા સ્કૂલ
- તિરુપતિ સ્કૂલ
- સ્વામિનારાયણ સ્કૂલ
- સુપર ઈંગ્લિશ સ્કૂલ
- કે.આર રાવલ સ્કૂલ

જિલ્લા શિક્ષણ અધિકારી અમદાવાદ ગ્રામ્ય કૃપા જહાએ જણાવ્યું કે અમને શિક્ષકોના નામ સાથે ફરિયાદ મળી હતી. તપાસ કરતા સ્કૂલોને તેમના શિક્ષકો ટ્યુશન ક્લાસ ચલાવે છે એવી જાણ થતાં અલગ અલગ સ્કૂલોના સંચાલકોએ જ શિક્ષકોને છૂટા કરી દીધા છે. આગામી દિવસમાં હજુ પણ તપાસ ચાલુ રહેશે.

### આજે પ્રથમ શોરૂમ ખુલ્લો મૂકાશે

# ટ્રમ્પની અમેરિકા ફર્સ્ટ નીતિ વચ્ચે ટેસ્લાની ભારતમાં એન્ટ્રી

### દિલ્હીમાં એરોસિટી ખાતે બીજો શોરૂમ ખોલવાની તૈયારી

મુંબઈ, તા.૧૪

વિશ્વના અબજોપતિ બિઝનેસમેન ઈલોન મસ્ક અંતે ભારતમાં પોતાની ઈવી કાર લાવવાનું સપનું પૂરું કરવા જઈ રહ્યા છે. આવતીકાલે ૧૫ જુલાઈના રોજ ટોચની ઈવી કાર મેકર ટેસ્લા પોતાનો પ્રથમ શોરૂમ લોન્ચ કરશે. મુંબઈના બાન્દ્રા કુર્લા કોમ્પ્લેક્સમાં ટેસ્લા પોતાનો એક્સપિરિયન્સ સેન્ટર તરીકે ઓળખાતા પ્રથમ શોરૂમનું ઉદ્ઘાટન કરશે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની અમેરિકા ફર્સ્ટ નીતિ વચ્ચે ટેસ્લાની ભારતમાં એન્ટ્રીથી ટ્રમ્પ અને મસ્ક વચ્ચે વિવાદ વધારી શકે છે.

ઈવી પોલિસી મુદ્દે અનેક પડકારો બાદ અંતે ભારતમાં ટેસ્લાની એન્ટ્રી થવા જઈ રહી છે, શોરૂમના ઉદ્ઘાટનમાં ટેસ્લાના સીઈઓ ઈલોન મસ્ક આવવાના છે કે નહીં તેની હાલ કોઈ સ્પષ્ટતા થઈ નથી. ટેસ્લા કે ઈલોન મસ્કે પોતે આ મુદ્દે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી. જો કે, મીડિયામાં અટકળો વહેતી થઈ છે કે, ઈલોન મસ્ક આવતીકાલે ભારતમાં પ્રવેશની સૌથી મોટી સફળતાના અવસર પર હાજર રહેશે. આ સાથે ટેસ્લા પોતાનું એસયુવી મોડલ Y RWD વેરિયન્ટ લોન્ચ કરશે. જેની શાંઘાઈ ફેક્ટરીમાંથી આયાત થશે. અમેરિકાની ઈવી મેન્યુફેક્ચરર ટેસ્લા મુંબઈના બાન્દ્રામાં પોતાનો પ્રથમ એક્સપિરિયન્સ સેન્ટર શોરૂમ શરુ કર્યા બાદ દિલ્હીમાં એરોસિટી ખાતે બીજો શોરૂમ ખોલવાની તૈયારી કરી રહી છે. જુલાઈના અંત સુધીમાં દિલ્હીમાં પણ શોરૂમ શરુ થવાની શક્યતા છે. ભારતમાં ટેસ્લા પોતાના એસયુવી મોડલ રૂ સાથે પ્રવેશ કરશે. તેનું ફેસલિફ્ટ વર્ઝન ભારતમાં મળવાનું શરુ થશે. આ મોડલનું મુંબઈ અને પૂણેમાં અનેકવખત ટેસ્ટિંગ પણ કરવામાં આવ્યું હતું.ટેસ્લાનું Y મોડલ ૧૫.૪ ઈંચ ઈન્ફોટેનમેન્ટ સ્ક્રિન સાથે સજ્જ છે. જેમાં ઓટોમેટિક ક્લાઈમેટ કંટ્રોલ, પેનોરેમિક મુન રૂફ, એલઈડી હેડલેમ્પ્સ, ટેઈલ લેમ્પ્સ, અને અન્ય ઘણા વિશિષ્ટ ફીચર્સ ઉપલબ્ધ છે. જેની ભારતમાં અંદાજે કિંમત રૂ. ૬૫થી ૭૫ લાખ આસપાસ (એક્સ શોરૂમ) રહેવાની શક્યતા છે.

### રંગસેતુ બ્રિજ બંધ કરાતા ૪૦-૪૫ કિમીનો ફેરો ફરવો પડશે

# નર્મદા જિલ્લાના પાંચ બ્રિજ પર ભારે વાહનોની અવરજવર બંધ

### ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ એક્શનમાં આવ્યું વહીવટી તંત્ર : અનેક બ્રિજ સમારકામના નામે કરાયા બંધ

ગાંધીનગર, તા.૧૪

ગંભીરા બ્રિજ દુર્ઘટના મુદ્દે ગુજરાતનું તંત્ર ઊંઘમાંથી જાગીને એક્શનમાં આવ્યું છે. હવે રહી રહીને સરકારને બ્રિજની સ્થિતિ ચકાસવાનું યાદ આવી રહ્યું છે. પરંતુ આ ચક્કરમાં તંત્ર ધડાધડ પુલો પર પ્રતિબંધ મૂકી રહ્યું છે. જો આવુ થશે તો ગુજરાતના અડધોઅડધ બ્રિજ બંધ કરી દેવાશે અને લોકોને અવરજવર માટે તકલીફ પડશે. ત્યારે લોકોને હાલાકીનો સામનો કરવો પડી શકે છે. ત્યારે ગુજરાતમાં કયા કયા બ્રિજ બંધ કરાયા છે અથવા કામગીરીને કારણે રસ્તા ડાયવર્ટ કરાયા છે તે જાણી લો. ગંભીરા ઓવરબ્રિજની ઘટના બાદ સરકાર જાગી હતી અને રાજ્યના તમામ ઓવરબ્રિજની તપાસ કરવા માટેના આદેશો જીલ્લા તંત્રને કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ટીમો બનાવીને ઓવરબ્રિજનું નિરીક્ષણ ચાલી રહ્યું છે. બ્રિજ દુર્ઘટના બાદ હવે ગુજરાતના વાહન વ્યવહાર પર મોટી અસર પડી રહી છે. તંત્રએ તાત્કાલિક અસરથી સમારકામની કામગીરી હાથ ધરતા વાહનચાલકોને મુશ્કેલી પડી રહેવાની છે. અનેક બ્રિજ બંધ થતા રાહદારીઓએ મોટો ફેરો ફરવાનો વારો આવ્યો છે. જે તેમના બજેટને પણ અસર કરશે. ઉપરથી ચોમાસામાં ાસમારકામની કામગીરી કેટલી શક્ય છે? ચોમાસામાં બ્રિજ બંધ કરીને સરકાર લોકોની હાલાકી વધારી રહી છે. ઘટના બાદ સરકારના આદેશથી અન્ય બ્રિજના સમારકામ હાથ ધરાયા છે. આ કારણે બાવળા બગોદરા હાઈવે પર ભોગાવો બ્રિજનું કામ હાથ ધરાયું છે. કામગીરીને લઈને પોલીસ વિભાગે જાહેરનામું બહાર પાડ્યુ છે. કામગીરીને જોતા બ્રિજ પર એક રસ્તા પર બંને ટ્રાફિક ડાયવર્ટ કરાયા છે. અમદાવાદથી રાજકોટ બ્રિજ પરનો રૂટ ૧૩ જુલાઈથી ૩૧ જુલાઈ સુધી બંધ કરાયો છે. પોલીસ વિભાગ દ્વારા વૈકલ્પિક રસ્તો જાહેર કરાયો છે. નર્મદા જિલ્લામા પણ ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ તંત્ર ના પાંચ જેટલા જૂના બ્રિજને ભારે વાહનો માટે બંધ કર્યા છે. જેમાં મુખ્ય બે બ્રિજ છે એક વડોદરા જિલ્લાને જોડતો રંગ સેતુ જે નર્મદા નદી પર પોઈચા ખાતે આવેલો છે અને બીજો કરજણ નદી પર આવેલો કરજણ બ્રિજ જે રાજપીપળા અને ભરૂચ જિલ્લા ને જોડે છે. જોકે આ કરજણ બ્રિજને સમાંતર જ બીજો નવો બ્રિજ છે એટલે હાલ આ જૂના બ્રિજને બંધ કરી નવા બ્રિજ પર ભારે વાહનો અવર જવર કરે છે. અને પોઈચા રંગ સેતુ બ્રિજ જોખમી જણાતાં તેને તાત્કાલિક અસરથી ભારે વાહનો માટે બંધ કરી દેવામાં આવ્યો છે. હવે ભારે વાહનો ટ્રક, હાઈવા, બસ, ટેમ્પા સહીત વાહનો ને તિલકવાડા દેવલિયા તરફ ડાયવર્ઝન આપવામાં આવ્યું છે.

વાહન ચાલક નૂર મહંમદ શેખ કહે છે કે, રાજપીપળા અને વડોદરા વચ્ચેના અંતરમાં સીધો જ ૩૫ કિલોમીટરનો ઘટાડો થાય તે માટે વર્ષ ૨૦૦૨ રંગસેતુ બ્રિજ બનાવવામાં આવ્યો હતો. આ બ્રિજ બંધ થતા હવે રાહદારીઓ ને ૪૦ થી ૪૫ કિલોમીટરનો ફેરાવો કરવાનો વારો આવ્યો છે. હવે આ રંગસેતુ બ્રિજ કયારે ભારે વાહનો માટે ચાલુ કરવામાં આવશે, જેની કોઈ સ્પષ્ટતા કરવામાં ન આવતા રાહદારીઓ મુશ્કેલીમાં મૂકાયા છે. જોકે હાલ તો જાહેરનામાનો અમલ કરાઈ રહ્યો છે અને ટ્રાફિક વિભાગ દ્વારા મોટા વાહનોને રસ્તા અંગે માર્ગદર્શન પણ અપાય છે અને બ્રિજની બંને તરફ જાહેરનામા અંગે જાણ કરતા બોર્ડ પણ મૂકવામાં આવ્યા છે. જોકે વાહન ચાલકો સરકારના આ નિર્ણયને આવકારે તો છે પણ વહેલી તમે બ્રિજની ચકાસણી કરી ફરી ખુલ્લો મુકાય તેવી માંગ પણ કરી રહ્યા છે.

માળિયા, હળવદ અને વાંકાનેર તાલુકામાં જુદા જુદા ત્રણ બ્રિજ ઉપર ભારે વાહનોની પ્રવેશબંધી કરાઈ છે. વર્ષો જૂના બ્રિજ જર્જરીત દુર્ઘટના ન બને તે માટે હાલમાં બ્રિજ બંધ કરાયા. ચોમાસા બાદ ત્રણેય સ્થળ ઉપર નવા બ્રિજ બનાવવા માટેની કામગીરી હાથ ધરાશે. જામનગર અને કચ્છ તરફ આવવા જવા માટેનો માળીયા બ્રિજ પાસે બંધ થતા વાહનચાલકોને ૨૦ કિલોમીટરનો ફેરો વધશે.

મુજપુર ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ સૌરાષ્ટ્રથી મધ્ય ગુજરાત પર અવરજવર કરતા વાહન ચાલકોને લાંબો રૂટ પરથી જવું પડશે. પાદરા વહીવટી તંત્રએ નોટિસ બોર્ડ લગાવ્યું. આ કારણે મહારાષ્ટ્રથી સૌરાષ્ટ્ર તરફ જતા ભારદારી વાહનોને ૫૦ કિલોમીટરનો ફેરો પડશે. આ કારણે પાદરા ઈન્ડસ્ટ્રીઝને પણ મોટું નુકસાન થશે. ૪૦૦ જેટલી ઈન્ડસ્ટ્રીઝના ભાવદારી વાહનો મુજપુર ગંભીરા બ્રિજનો ઉપયોગ કરતા હતા. આણંદ જિલ્લાના ખેડૂતોને પણ મોટું નુકસાન થશે. પાદરા સરદાર શાક માર્કેટમાં આનંદથી આવતા ખેડૂતોને પણ મોટું નુકસાન થશે. ખેડૂતોને શાકભાજી કે ફ્રુટ વેચવા માટે પાદરા આવતા હતા. ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ મોડે મોડે જાગેલા તંત્ર દ્વારા ઉમેટા બ્રિજ પરથી ભારે વાહનોની અવર જવર પર રોક લગાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરાયું હતું. અને બ્રિજ પર ઉમેટા અને સિંધરોટ તરફ બેરીકેડ ગોઠવી પોલીસ તૈનાત કરી દેવામાં આવી હતી. અને બે દિવસમાં ભારે વાહનોની અવર જવર રોકવા લોખંડની એંગલ મારવાની વાત કરવામાં આવી હતી. પરંતુ આજે પાંચમાં દિવસે લોખંડની એંગલો લાવી ખાડા ખોદી એંગલો લગાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જ્યારે ઉમેટા તરફ માત્ર બેરીકેડ જોવા મળી હતી. તૈનાત પોલીસ જોવા મળી ન હતી જ્યારે જીઆરડીના જવાનો નજીકમાં પાનના ગલ્લે આરામ કરતા જોવા મળ્યા હતા. અને ઝી ૨૪ કલાકનો કેમેરો જોતા જ પોલીસ અને જીઆરડીના જવાનો બેરીકેડ પાસે આવી ગોઠવાઈ ગયા હતા. વલસાડ જિલ્લા કલેકટર દ્વારા જિલ્લાના માં કુલ ૫ પૂલોને બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કલેકટરના આદેશની ગંભીરતાથી અમલવારી શરૂ થઈ છે અને બંધ કરવામાં આવેલા પૂલો પર પોલીસ પહેરો ગોઠવવામાં આવ્યો છે. ભારે વાહનોને રોકવામાં આવી રહ્યા છે. બંધ પુલો પર માત્ર નાના વાહનો જ પસાર કરવાની પરવાનગી આપવામાં આવી છે. જ્યારે ભારે વાહનોને જાહેર કરવામાં આવેલા વૈકલ્પિક રસ્તાઓ પર ડાયવર્ટ કરવામાં આવ્યા છે. જોકે પુલ બંધ હોવાથી ભારે વાહન ને કિલોમીટરોનો ચકરાવો મારવાનો વારો આવ્યો છે. વહેલી તકે આ પુલોનું રીપેરીંગ કરી ફરી ચાલુ કરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે. જિલ્લામાંથી પસાર થતા અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવે નંબર ૫૬ પર જ ચાર પુલ બંધ કરવામાં આવ્યા છે. જેમાં તાન નદી, માન નદી, કોલક નદી અને રાતા ખાડી પરના પુલ બંધ કરાયા છે. તો વલસાડના ઓરંગા નદી પર આવેલા લીલાપોર પુલ પણ ભારે વાહનો માટે બંધ કરવામાં આવ્યો છે.

રોટરી ક્લબ ઓફ અમરેલી સીટી અને
મેરિન્ગો સિમ્સ હોસ્પિટલ - અમદાવાદ ના સંયુક્ત ઉપક્રમે આયોજિત
Marengo CIMS Hospital
વિનામૂલ્યે
સુપર સ્પેશ્યાલીટી મેડિકલ કેમ્પ
તા. 20-07-2025, રવિવાર સમય : સવારે 9:00 થી બપોરે 1:00 સુધી
સ્થળ : જીજીબેન ગર્લ્સ હાઈસ્કુલ, સેન્ટર પોઈન્ટ, અમરેલી

ડૉ ધીરેન શાહ
કન્સલટન્ટ હાર્ટટ્રાન્સપ્લાન્ટ એન્ડ CVTS સર્જન

ડૉ અજયસિંહ દેવડા
કન્સલટન્ટ ઓર્થોપેડીક

ડૉ કેવલ ચાંગડિયા - કન્સલટન્ટ ન્યૂરોલોજીસ્ટ

ડૉ મોહિત કોરાટ
કન્સલટન્ટ સર્જિકલ ઓન્કોલોજીસ્ટ

ડૉ ભાવેશ પારેખ
કન્સલટન્ટ મેડીકલ ઓન્કોલોજીસ્ટ

ડૉ વિકાસ પટેલ
કન્સલટન્ટ લીવર ટ્રાન્સપ્લાન્ટેશન અને HPB સર્જન

ડૉ હિરેન કેવડીયા
કાર્ડિયાક ઇલેક્ટ્રોફિઝીયોલોજીસ્ટ

ડૉ હિતેશ દેસાઈ
કન્સલટન્ટ નેફ્રોલોજીસ્ટ અને કિડની ટ્રાન્સપ્લાન્ટ ફિઝિશીયન

ડૉ ભાવેશ ઠક્કર - કન્સલટન્ટ ગેસ્ટ્રોએન્ટરોલોજિસ્ટ

આ કેમ્પમાં ડો. અનીશ ચંદારાણાની પ્રેરક ઉપસ્થિતિ રહેશે

:: પ્રોજેક્ટ ચેરમેન ::
રો. કેતન પારેખ   રો. યશ મસરાણી
રો. હિતેશ વ્યાસ   રો. ચંદ્રેશ ઝીંઝુવાડીયા
:: પ્રેસીડેન્ટ :: અનીલ આડતિયા
:: સેક્રેટરી :: જીગ્નેશ મોદી

:: નામ નોંધાવવાનું સ્થળ ::
યુનીવર્સલ - કે ટી માસ્તર - ટાવર રોડ, અમરેલી
બંસીધર મેડીકલ સ્ટોર - ચીતલ રોડ, અમરેલી
એન્ડોકાઈન પેથોલોજી લેબોરેટરી - માણેકપરા, અમરેલી
ફસ્ટ કાય - રીલાયન્સ ટ્રેન્ડસની સામે, લાઠી રોડ, અમરેલી

નિઃશુલ્ક સેવાઓ
ઇ.સી.જી બી.પી આર.બી.એસ બી.એમ.આઈ કન્સલ્ટેશન

દર્દીઓને પોતાના જુના પેપર્સ, રિપોર્ટ, એક્સ-રે વગેરે સાથે લાવવા વિનંતી છે.

Marengo CIMS Hospital
Off. Science City Road, Sola, Ahmedabad - 380060
JCI (USA)
:: વધુ જાણકારી માટે ::
82380 95712 | 82380 95715

# લીલીયા મોટામાં સેવાભાવી ડોક્ટરનું બિરૂદ પામેલ ડોક્ટર તોમરનો વિવિધ સંસ્થાઓ દ્વારા નિવૃત વિદાય સમારંભ યોજાયો






લીલીયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં પાછલા ૩૦ વર્ષથી ફરજ બજાવતા સેવાભાવી ડોકટર લક્ષ્મણસિંહ તોમર વય મર્યાદાના કારણે નિવૃત થતા શહેરની વિવિધ સંસ્થાઓએ મળી શાંતાબેન કન્યા વિદ્યાલય ખાતે તારીખ ૧૩મી જુલાઈ રવિવાર બપોરે ૩ કલાકે સેવાનું સન્માન કાર્યકમનું આયોજન કરવામાં આવેલ. જેમાં સહુ પ્રથમ ડો. તોમરને પુષ્પવર્ષા કરી એન્ટ્રી અપાઈ ત્યારબાદ દીપ પ્રાગટય કરી કાર્યક્રમ વિધિવત રીતે ચાલુ થયેલ જેમાં વય નિવૃતિના કારણે નિવૃત થનાર સેવાભાવી ડોકટર લક્ષ્મણસિંહ તોમરનું શહેરની શૈક્ષણિક સામાજિક સહકારી સંસ્થાઓ સહિત વિવિધ જ્ઞાતિ સંગઠનો ધ્વારા ભવ્યાતી ભવ્ય સન્માન કરવામાં આવેલ સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા વિવિધ સંસ્થાના અગ્રણી આગેવાનોએ જહેમત ઉઠાવી હતી. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### સબકા માલિક એક માનવ સેવા ટ્રસ્ટ દ્વારા

## સાવરકુંડલામાં જરૂરિયાતમંદોને તાલપત્રીનું વિતરણ કરવામાં આવ્યું

### જરૂરિયાદમંદ ૧૪૦૦ વ્યકિતઓએ લાભ લીધો



સાવરકુંડલા, તા. ૧૪

સબકા માલિક એક માનવ સેવા ટ્રસ્ટ દ્વારા શહેરના ગરીબોને આ વરસાદી ઋતુમાં ૧૪૦૦ જેટલા જરૂરિયાતમંદ પરિવારોને માનવ મંદિરના ભક્તિરામબાપુ, તપસીગીરી બાપુ, ધુણેશ્રવર ભારતી બાપુ મનીષાદીદી, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, મેહુલભાઈ ત્રિવેદી, પ્રવીણભાઈ સાવજ, અનિરૂધસિંહ રાઠોડ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં તાલપત્રીનું વિતરણ કરવામાં આવેલ.

સાવરકુંડલામા 'માનવ સેવા એ જ પ્રભુ સેવા'ના ઉમદા ભાવને સાર્થક કરતા, સાવરકુંડલા સ્થિત ' સબકા માલિક એક માનવ સેવા ટ્રસ્ટ' દ્વારા એક ભવ્ય 'સેવા યજ્ઞ' સંપન્ન થયો છે. ટ્રસ્ટના પ્રમુખ પિન્ટુભાઈ મલેક અને ઉપપ્રમુખ ઈરફાનભાઈ ગોરીના માર્ગદર્શન હેઠળ, દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૪૦૦ અતિ જરૂરિયાતમંદ પરિવારોને ઉચ્ચ ગુણવત્તાવાળી તાલપત્રીઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું છે. આ પહેલ ચોમાસાની શરૂઆત પૂર્વે તેમને વરસાદ અને પ્રતિકૂળ હવામાનથી રક્ષણ પુરૂ પાડશે.

આ 'સેવા યજ્ઞ'ના મુખ્ય દાતાઓ જાવેદભાઈ રાજ, આશિફભાઈ હિંગોરા રચકાવાળા તેમજ હાજી હૈયાતખાન બ્લોચ રહ્યા હતા. જેમણે સમગ્ર તાલપત્રીઓ અર્પણ કરીને આ પુણ્યના કાર્યમાં અમૂલ્ય ફાળો આપ્યો હતો. ભોજન પ્રસાદના દાતા મનીષા દીદીમા બાપનું ઘર રહ્યા હતા. આ વિતરણ કાર્યક્રમમાં અનેક સંતો-મહંતો, રાજકીય આગેવાનો, તેમજ સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉત્સાહી સ્વયંસેવકોના સહયોગથી કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પડયો હતો. લાભાર્થીઓના ચહેરા પર છવાયેલો સંતોષ અને ખુશીએ આ ' સેવા યજ્ઞ'ની સાચી સિધ્ધિનું પ્રતીક છે.

'સબકા માલિક એક માનવ સેવા ટ્રસ્ટ' સાવરકુંડલામાં વર્ષભર વિવિધ સેવા પ્રવૃત્તિઓ માટે જાણીતું છે. ટ્રસ્ટ ફક્ત તાલપત્રી વિતરણ પૂરતું સીમિત નથી, પરંતુ પિન્ટુભાઈ મલેકના સક્રિય નેતૃત્વ હેઠળ નાનામાં નાના અને છેવાડાના માનવીઓ સુધી પહોંચીને તેમને મદદરૂપ થવાના અનેક કાર્યક્રમો હાથ ધરે છે. પછી તે શિક્ષણ સહાય હોય, તબીબી આવશ્યકતાઓ હોય કે પછી દૈનિક જીવનની પ્રાથમિક જરૂરિયાતો, ટ્રસ્ટ હંમેશા સમાજના નબળા વર્ગની પડખે ઊભું રહ્યું છે.

આ પ્રસંગે પિન્ટુભાઈ મલેકે જણાવ્યું કે, 'અમારો મુખ્ય હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે સમાજમાં કોઈ પણ વ્યક્તિ પાયાની સુવિધાઓથી વંચિત ન રહે. આ તાલપત્રી વિતરણ પ્રતિબધતાનો એક ભાગ છે. જરૂરિયાતમંદ સુધી સીધી પહોંચે. વર્ષ દરમિયાન અમે આવા અનેક નાના-મોટા સેવા કાર્યો કરીએ છીએ, જે સમાજના છેવાડાના માનવીના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવે છે. 'સબકા માલિક એક માનવ સેવા ટ્રસ્ટ' ભવિષ્યમાં પણ આવા લોકકલ્યાણના કાર્યો કરવા માટે કટિબધ્ધ છે અને સમાજના તમામ સભ્યોને આ 'સેવા યજ્ઞ'માં જોડાઈને યથાશક્તિ સહયોગ આપવા આહ્વાન કરે છે.

## સાવરકુંડલા : હાથસણી રોડ આસોપાલવ સોસાયટીમાં રોડનું ખાતમુહૂર્ત થયું



સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલા હાથસણી રોડ વોર્ડ નંબર ૫ આસોપાલવ સોસાયટીમાં રોડનું ખાતમુહૂર્ત થયું હતું. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની દેખરેખ હેઠળ અને નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી તથા ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી તથા ચેરમેન અશોકભાઈ ચૌહાણ તથા બાંધકામ ચેરમેન લાલાભાઈ ગોહિલ સહિત બધાના પ્રયાસથી વોર્ડ નંબર ૫ ના નગરપાલિકા પતિ સદસ્ય આલ કરશનભાઈ બી. રબારી. અને વોર્ડ નંબર ૫ના સદસ્ય કેશવભાઈ બગડા બંને નગરપાલિકાના વોર્ડના કાઉન્સિલરો બંને જાગૃત સદસ્યોની મહેનતથી વોર્ડ નંબર ૫માં ઠેર ઠેર નવા રોડ બને છે. આસોપાલવ સોસાયટી હુડકો સોસાયટી વીર મેઘમાયા સોસાયટી અત્યારે હાલ બની રહ્યા છે. કુલ વોર્ડ નંબર ૫માં રોડ લઈ આવેલ છે. જયારે એ પહેલા શ્રીજીનગર, લુહાર સોસાયટી તથા ચંદ્રમૌલી સોસાયટી, ગજાનંદ સોસાયટી, રાધેશ્યામ સોસાયટી શિવ શક્તિ સોસાયટી, તવક્કલ સોસાયટી, આસોપાલવ પાછળનો વિસ્તાર વોર્ડ નંબર ૫માં ઠેર ઠેર રોડ બને છે. જાગૃત બંને કાઉન્સિલરોને સાવરકુંડલા નગરપાલિકા સદસ્ય પતિ આલ કરશનભાઈ બી. રબારી તથા નગરપાલિકા સદસ્ય કેશવભાઈ બગડા બંને કાઉન્સિલરો પર અભિનંદનની વર્ષા થઈ રહી છે. અને વોર્ડ નંબર ૫માં વિકાસના કામો ખૂબ જ થઈ રહ્યા છે. સાવરકુંડલાના લોકલાડીલા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની અતુટ મહેનતથી વોર્ડ નંબર ૫માં રોડ પાણીના ટાંકા તથા સ્મશાનમાં સ્મશાનની અંદર ૨૫ લાખના કામ થશે તેમ સ્નાન ઘાટ તથા ઘણા વિકાસના કામો અંદાજિત ૧૦ કરોડના કામ ચાલુ છે તેમજ શાળા નં ૪નુ નવિનીકરણ કરવામાં આવ્યું તેથી બંને સદસ્ય દ્વારા ધારાસભ્યનો આભાર માનવામાં આવ્યો હતો. તેમજ નગરપાલિકા પ્રમુખ ઉપપ્રમુખ ચેરમેન તથા બાંધકામ ચેરમેન સર્વનો આભાર માનવામાં આવ્યો હતો.

## દામનગર મહિલા મંડળની બહેનો મનોદિવ્યાંગ મહાપ્રભુજી આશ્રમની મુલાકાતે



દામનગર, તા. ૧૪

દામનગર શહેરમાંથી મહિલા મંડળની બહેનોએ ધારી તાલુકામાં અતિ ગંભીર મનોદિવ્યાંગ મહાપ્રભુજી આશ્રમની મુલાકાત લીધી. મનોદિવ્યાંગોને ભજન ભોજન કરાવતી બહેનોએ શિવધારા સંસ્થાન સંચાલિત મનોદિવ્યાંગ ભગવંતોની આશ્રિત સંસ્થાની મુલાકાતે પધારી અનોખું પરમાર્થ કર્યું દામનગર શહેરની મહિલા મંડળની બહેનો દ્વારા સંસ્થાનમાં કુદરત સહજ જીવનની પ્રતીક્ષામાં માનવ સમાજમાં પુનઃ સ્થાપિત થવા ઈચ્છિત અસંખ્ય મહાપ્રભુજીઓ સાથે કલાકો સુધી દિવ્ય સત્સંગ કીર્તન કર્યા પોતાના સ્વજનને મળ્યા તુલ્ય જેવી ખુશીથી ઝુમી ઉઠતા મનોદિવ્યાંગો સાથે આત્મીય ભાવે પોતાના સ્વજન મળ્યા જેવા ભાવાત્મક દ્રશ્યો વચ્ચે દામનગર મહિલા મંડળની બહેનોનું અનોખા પરમાર્થથી શિવધારા આશ્રમ પરિસરમાં સર્વત્ર ખુશી વ્યાપી હતી.

### જવાબદાર તંત્ર યોગ્ય કાર્યવાહી કરે તે જરૂરી

## સાવરકુંડલાના વીજપડી ગામો આવેલ બ્રિજમાં વૃક્ષ ઉગી નિકળ્યા

### જાગૃત નાગરિકે માર્ગ-મકાન વિભાગનું ધ્યાન દોર્યુ



સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામ કે જયાં વર્ષો જુનો મુખ્ય પુલ આવેલો છે આ પુલમાં હાલ વૃક્ષો ઊગી નીકળ્યા છે. વૃક્ષો ઉગે નીકળતા સ્થાનિક લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. વીજપડી ગામનો આ પુલ કે જે મહુવાથી અમરેલી હાઈવેને જોડતો પુલ છે. વૃક્ષ ઉગી નીકળવાના હિસાબે આ પુલની ગુણવત્તા નબળી પડવાની શક્યતાઓ રહેલી છે આ ઉપરાંત વૃક્ષના મૂળ જો વધુ મોટા થશે તો પુલમાં તિરાડો પડવાની શક્યતાઓ પણ રહેલી છે. આ ઉપરાંત આ પુલની ઉપર બંને સાઈડ સેફટી વોલ પણ તૂટી ગયેલી હાલતમાં છે. પહેલાના સમય પ્રમાણે પુલના સમારકામ માટે કાયમી ધોરણે કર્મચારીઓ હતા પરંતુ હાલ નથી. જેના કારણે પુલ ઉપર ચોમાસાની ઋતુમાં પાણી પણ ભરાઈ રહે છે. પાણીના નિકાલ માટેના ભુંગળાનું હાલ અસ્તિત્વ પણ દેખાય નથી રહ્યું. જેના કારણે પુલ ઉપર નુકસાની થતી હોય છે. તો સત્વરે આ પુલનું સમારકામ કરવામાં આવે અને વૃક્ષ હટાવવામાં આવે જેથી સત્ય હકીકતો જાણવા મળે, અકસ્માતથી બચવા માટે તાત્કાલિક યોગ્ય પગલાં ભરવા લોક માર્ગ ઉઠી એમ અનિરૂધ્ધ ત્રિવેદીએ એક યાદીમાં જણાવ્યું હતું.

## કતારગામ : ગજેરા વિદ્યાસંકુલનાં વિદ્યાર્થીઓ લંગડી સ્પર્ધામાં વિજેતા



અમરેલી, તા. ૧૪

ગત તા. ૬ જુલાઈ ૨૦૨૫ દરમિયાન યોજાયેલ ''ઈન્ટરનેશનલ લંગડી સ્પર્ધા, નેપાળ''નાં (પોખરા) મુકામે યોજાય હતી. જેમાં બે વિભાગ રાખવામાં આવ્યા હતા. બોયસ અને ગર્લ્સ આ સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓએ પણ ભાગ લઈ ખુબ જ ઉત્સાહપૂર્વક રમત રમી વિજેતા થયા છે. સૌથી મહત્વની અને શાળાને ગૌરવ અપાવનાર વાત તો એ છે કે ઈન્ડિયાના બોયસ ટીમના કેપ્ટન તરીકે શાળાનો વિદ્યાર્થી પટેલ આયુષ જે ધોરણ-૧૨ કોમર્સમાં અભ્યાસ કરે છે. તેમનું પ્રભુત્વ આખી મેચ દરમિયાન આકર્ષણનું કેન્દ્ર બન્યુ હતું. આ સાથે અન્ય વિદ્યાર્થીઓ જેમ વિરડીયા વાસુ, ચાંદપરા પરી, પીપલીયા મનસ્વી, વસ્તરપરા દ્રષ્ટિ, મિયાણી ક્રિષા જે ગજેરા વિદ્યાભવનનાં વિદ્યાર્થીઓ શાળાના જ ગૌરવંતા વિદ્યાર્થીઓ છે. આ તમામ વિદ્યાર્થીઓએ શાળા ઉપરાંત ગુજરાત રાજયનું ગૌરવ વધાર્યુ છે. આ તમામને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા શાળાના ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરા દ્વારા એમનું બહુમાન કરવામાં આવ્યું. આ તમામને તૈયારી કરાવનાર પી.ટી. શિક્ષક કલ્પનાબેન બ્રહ્મભટ્ટને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા. સમગ્ર ટીમને ટ્રોફી અર્પણ કરી નવાજવામાં આવ્યા.

# અમરેલી : સ્વ. ડો.બી.ડી. કાકડીયાની પુણ્યતિથિએ લાયન્સ કલબ દ્વારા વિવિધ કાર્યક્રમ યોજાયા










અમરેલીના સેવાભાવી અને કર્મઠ તબીબ ડો.બી.ડી. કાકડીયાની ૨૫-મી પુણ્યતિથી અમરેલી શહેરની નામાંકિત સંસ્થાઓએ સ્મરણાંજલી તરીકે ઉજવી તેમના કાર્યોને સતત પ્રવાહિત કરવા કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યું હતું, જેમા અનેક મહાનુભાવોએ ઉપસ્થિત રહીને ડો. કાકડીયાની સેવાપ્રવૃતિને બિરદાવી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા મેદસ્વીતા મુકતીની કરવામાં આવેલી અપીલ અંતર્ગત ''જંકફુડ ને જાકારો'' વકૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ધ્રૃવાંશી બા રાજેન્દ્રસિંહ ઝાલા, દ્વીતીય ક્રમે હેત નિરજકુમાર સાદરણી અને તૃતીય ક્રમે દિયા જયેશભાઈ કારીયાને મોમેન્ટો અને પ્રમાણપત્રથી સન્માનીત કરવામાં આવેલ. અમરેલી ખાતે લાયન્સ કલબ ઓફ અમરેલી(સીટી), સરસ્વતિ વિદ્યામંદિર, કર્મયોગી સેવા ટ્રસ્ટ ડો. કાકડીયા સ્મૃતિ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે આયોજીત કાર્યક્રમમા પુર્વ કેન્દ્રીયમંત્રી ડો.વલ્લભભાઈ કથીરીયા, ડો.મોટકા, મહુવાના સેવાભાવિ ડો. પૂર્વ ધારાસભ્ય કનુભાઈ કલસરીયા, કાંતાબેન કથીરીયા, સુરેન્દ્રનગરના મોરબીના ડો. બાવરવા, જયંતિભાઈ પટોળીયા, સુશ્રી વિમળાબેન કાકડીયા, લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના પ્રમુખ ઋજુલભાઈ ગોંડલીયા, ડો. રાવળ , જયેશભાઈ પંડયા, રાઉન્ડ ફોરેસ્ટ ઓફીસર વી.પી. મકવાણા, કનુભાઈ કરકર, ડો.ગજેરા, મનસુખભાઈ રૈયાણી તેમજ કાર્યક્રમના આયોજક અને સંચાલક વિજભાઈ મહેતા સહિતનાઓએ પ્રાસંગીક પ્રવચન કરેલ. આ તકે એમ.એમ. પટેલ, ભદ્રેશસિંહ પરમાર, બિમલભાઈ રામદેવપુત્રા, રમેશભાઈ ગોલ, નરોતમભાઈ સાકરીયા સહિત વિશાળ સંખ્યામા લોક ઉપસ્થિત રહયા હતા. આભારવિધિ કનુભાઈ ધાખડા દ્વારા કરવામા આવી હતી તેમ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના સેક્રેટરી પરેશભાઈ કાનપરીયાની અખબારી યાદીમા જણાવાયેલ છે.

# અમરેલી : ઓકસફર્ડ સ્કૂલ ઓફ સાયન્સમાં ગુરૂપુર્ણિમા ઉજવણી કરવામાં આવી





ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ, અમરેલીમાં અષાઢ સુદ પુનમના પાવન દિવસે અને જોગાનુજોગ ગુરૂવારના દિવસે ગુઢપૂર્ણિમા/ગુઢપૂજનનો કાર્યક્રમ ખૂબ જ ઉમંગ અને ઉત્સાહથી અમારી સંસ્થાના માર્ગદર્શક અને વંદનીય ગુઢવર્ય એચ.એલ.પટેલ નિશ્રામાં ઉજવવામાં આવ્યો.દરેક મનુષ્યના જીવનમાં ગુઢનું સ્થાન ખૂબ અગત્યનું છે. મહાભારત અને ચાર વેદના રચયિતા ભગવાન વેદ વ્યાસનો જન્મ અષાઢ સુદ પુનમના દિવસે થયો હોવાથી આ દિવસને ગુઢપૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે. અને ત્યાર થી આ ગુઢપૂર્ણિમાના દિવસે ગુઢપૂજનની પરંપરા ચાલુ છે.કેમ કે મનુષ્યની પ્રથમ ગુઢ જન્મદાત્રી અને સંસ્કાર આપનાર માતા છે.માતા મનુષ્યને જન્મ આપે છે. અને બીજા ગુઢ શિક્ષક જેમ કુંભાર માટલાંને ઘડે છે.તેમ મનુષ્યને ઘડવાનું/શિક્ષા આપવાનું કામ ગુઢ/શિક્ષક કરે છે. માટે ગુઢપૂર્ણિમાનું મહત્વ અનેરૂ છે.અને મનુષ્ય જીવનના ત્રીજા ગુઢ આધ્યાત્મિક ગુઢ છે કે જે મોક્ષનો માર્ગ બતાવે છે. આવા શુભ સંકલ્પ સાથે ગુઢ પૂજન કરવામાં આવ્યું. જેમાં સર્વ પ્રથમ ઓક્સફર્ડ સ્કુલઓફ સાયન્સના સંકલ્પ દ્રષ્ટા મયુરભાઈ ગજેરા અને શિક્ષણ વિભાગના વડા નિલેશભાઈ ગજેરા અને કેમ્પસના વડા પ્રહલાદભાઈ વામજા દ્વારા વંદનીય ગુઢવર્ય એચ.એલ.પટેલના ભાલમાં કુંમકુમ તિલક સાથે અક્ષત લગાડી, શાલ ઓઢાડી તેમના ચરણોમાં પુષ્પ અર્પણ કરી રૂડા આશીર્વાદ મેળવ્યા. બાદમાં ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સના તમામ વિભાગના એચ.ઓ.ડી.તથા શિક્ષકો દ્વારા એચ.એલ.પટેલનું ગુઢપૂજન કરવામાં આવ્યું અને ત્યાર પછી અમારી સ્કૂલના પ્રાથમિક વિભાગ, માપ્રધ્યમિક વિભાગ, ઉ.માં.કોમર્સ વિભાગ અને ઉ.માં સાયન્સ વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા જે તે વિભાગના શિક્ષકો ગુરૂજનોનું પુષ્પ અર્પણ ગુઢ પૂજન કરી રૂડા આશીર્વાદ મેળવ્યા અને તમામ વિભાગના વિદ્યાર્થીઓએ ગુઢ પુર્ણિમા વિષે પોતાના હદયના ભાવો વ્યક્ત કરી સરસ વકતાવ્યો આપ્યા અને ત્યાર બાદ જે તે વિભાગના શિક્ષકોએ ગુઢપૂર્ણિમાના પાવન પ્રસંગે જીવનમાં ગુઢશિક્ષકનું મહત્વ વિદ્યાર્થીઓને સમજાવ્યું અને અંતમાં ગુઢવર્ય એચ.એલ.પટેલે તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓને રૂડા આશીર્વાદ આપ્યાની સાથે ગુઢપૂર્ણિમાનો કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો તેવું ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સના સંચાલક મંડળની યાદી જણાવે છે.

## દામનગરમાં નાળાના કામ માટે અપાયેલ ડાયવર્ઝનનું અમલીકરણ કોણ કરાવશે




તસ્વીર : નટુભાઈ ભાતિયા–દામનગર

દામનગર, તા. ૧૪

પુલ તૂટવા, રસ્તામાં ખાડા પડવા, નાળા જર્જરીત થવા, વરસાદનાં પાણીનો નિકાલ ન થવો, પ્રિ મોન્સૂનની કામગીરીમાં વેઠ ઉતારવી આ બધી સમસ્યાઓ વર્તમાન સમયમાં સામાન્ય થઈ જતાં, લોકો સત્તાધીશો સામે રોષ તો ઠાલવે છે. છતાં સરકારને કોઈ અસર થતી નથી, અને સમય જતાં લોકો બધું ભૂલી જઈને સમસ્યાઓ ઠેરની ઠેર રહી જાય છે. દામનગર શહેરમાં વૈજનાથ મંદિર પાસે બની રહેલ નવા નાળા માટે બસ સ્ટેન્ડની સામે અપાયેલ ડાયવર્ઝનના બોર્ડની બાજુમાં કરેલ પથ્થર–માટીના પાળાને તોડીને વાહનોની અવરજવર શરૂ થઈ જતાં અકસ્માતનો ભય રહ્યા કરે છે..! અને જવાબદાર તંત્ર દ્વારા ડાયવર્ઝનનો અમલ કરાવાતો ન હોય તો આ બોર્ડ અને પાળાને હટાવી દેવા જોઈએ. કે પછી ધબકતા અને વિકાસશીલ ગુજરાતમાં નિયમ બનાવાય તો પણ હાકે રાખો બાપલા..!!

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 106

સંકુલ B.Sc. માઈક્રોબાયોલોજી – બાયોટેક્નોલોજી પ્રવેશ
સંકુલ B.Com. ગુજરાતી & ઇંગ્લીશ મિડીયમ પ્રવેશ
સંકુલ B.A. મનોવિજ્ઞાન – સમાજશાસ્ત્ર – ઇંગ્લીશ પ્રવેશ
સંકુલ SU - AICTE માન્ય BCA - BBA પ્રવેશ
B.Pharm.-M.Pharm.-B.Ed.-PG DMLT પ્રવેશ

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૪૦ | ૧૦૭૦ |
| ૨ | શિંગ મોટી | ૯૩૦ | ૧૧૭૬ |
| ૩ | શિંગદાણા | ૧૨૭૫ | ૧૫૩૬ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૧૦૦ | ૧૪૮૨ |
| ૫ | તલ સફેદ | ૧૧૫૦ | ૨૧૯૦ |
| ૬ | તલ કાળા | ૨૨૪૦ | ૪૦૭૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૬૨૫ | ૨૩૫૦ |
| ૮ | બાજરો | ૩૭૦ | ૪૮૫ |
| ૯ | જુવાર | ૪૬૧ | ૪૬૧ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૨૮ | ૫૩૬ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૯૭ | ૫૪૦ |
| ૧૨ | મકાઈ | ૪૩૫ | ૪૩૫ |
| ૧૩ | મગ | ૧૦૨૦ | ૧૫૧૨ |
| ૧૪ | ચણા | ૭૦૦ | ૧૧૩૯ |
| ૧૫ | સફેદ ચણા | ૧૦૬૧ | ૧૧૦૮ |
| ૧૬ | ચોળી | ૧૩૭૦ | ૧૫૪૦ |
| ૧૭ | વટાણા | ૬૩૦ | ૯૨૦ |
| ૧૮ | તુવેર | ૭૭૦ | ૧૨૭૪ |
| ૧૯ | કપાસ | ૧૧૧૦ | ૧૬૯૪ |
| ૨૦ | એરંડા | ૧૦૦૫ | ૧૨૮૬ |
| ૨૧ | જીરૂ | ૨૫૫૨ | ૩૦૨૦ |
| ૨૨ | ધાણી | ૧૨૦૫ | ૧૪૦૦ |
| ૨૩ | મેથી | ૬૪૫ | ૮૭૫ |
| ૨૪ | સોયાબીન | ૭૪૦ | ૮૦૭ |
| ૨૫ | કલોંજી | ૨૭૧૨ | ૩૬૦૦ |

## રાજુલા : સમઢીયાળા–૧ ગામે ૮ પત્તાપ્રેમીઓની અટકાયત

અમરેલી, તા. ૧૪, રાજુલા તાલુકાના સમઢીયાળા–૧ ગામે રહેતા અશોક ડાયાભાઈ પારેખ સહિત આઠ ઈસમો ગત તા. ૧૩ના રોજ રાત્રીના ૧:૧૫ વાગ્યે સમઢીયાળા–૧ ગામે પ્લોટ વિસ્તારમાં જીવનભાઈ જોધાભાઈ મકવાણાના રહેણાંક મકાન પાસે જાહેરમાં લાઈટના અંજવાળે પૈસા વડે હારજીતનો જુગાર રમતા રોકડ રકમ રૂપિયા ૨૩,૪૬૦ના મુદ્દામાલ સાથે કુલ આઠેય ઈસમો દરોડા દરમ્યાન ઝડપાય જતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **ઠેબી જળાશય છલોછલ**

વિભાગના મંત્રી કુંવરજી બાવળિયાને ભારપૂર્વક રજૂઆત કરેલ. જે રજૂઆતને ધ્યાને લઈ રાજય સરકારના જળસંપત્તિ વિભાગ ધ્વારા જરૂરી જમીન સંપાદન કરી, ડેમને પૂર્ણ કક્ષાએ ભરવા જરૂરી મંજૂરી આપી દીધેલ હોય આગામી દિવસોમાં રૂા. ૧૩ કરોડ ૬૦ લાખના ખર્ચે ડૂબમાં જતી જમીનનું સંપાદન કાર્ય હાથ ધરશે. કામ પૂર્ણ થતા આ ડેમમાં વધારાનું ૪૬.૩૪% પાણી સંગ્રહી શકાશે. ઘણા વર્ષોથી ઠેબે ચડેલ ઠેબી ડેમનો આ પ્રશ્ન ઉકેલાતા આ વિસ્તારના લોકો અને ખેડૂતોને તેનો સીધો જ ફાયદો થનાર છે.

પાના ૮ ઉપરનું ચાલું **ધરાઈથી મોણપુર માર્ગ ઉપર**

પણ ધરાઈ–મોણપુરનો માર્ગ અતિ બિસ્માર હાલતમાં હોવા છતાં તેમાર્ગને નવો બનાવવાની વાતતો દૂર રહી પણ મરામત કરવાની તસ્દી પણ તંત્ર કે ધારાસભ્ય દ્વારા લેવામાં આવી નથી જેના કારણે રાહદારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

અહી રાહદારીઓએ વધુમાં જણાવ્યું હતું કે, આ માર્ગનો ઉપયોગ અહીં ધરાઈ, ફુલજર, મોટાદેવળિયાના લોકો જિલ્લા મથક અમરેલી જવા માટે કોઈ કામ સબબ તેમજ રત્ન કલાકારો સહિતના અનેક લોકો મોટી સંખ્યામાં અપડાઉન કરે છે. અમરેલી જવા માટે અહીં મોણપુર વાયા ચિતલ થઈ અમરેલી સીધું જઈ શકાય છે બાબરા જવું પડતુ નથી આ માર્ગ આ વિસ્તારના ત્રણથી ચાર ગામના લોકો માટે અતિ ઉપયોગી છે. પણ હાલ રોડ એટલો બિસ્માર છે કે રોડમાં મસમોટા ખાડા પડી ગયા છે. રોડની સાઈડ સાવ તૂટી ગઈ છે કોઈ મોટો અકસ્માત સર્જાશે તો જવાબદાર કોણ તેવા સવાલ પણ અહીં રાહદારીઓમાં ઉઠવા પામ્યા હતા. ત્યારે સ્થાનિક તંત્ર દ્વારા ત્વરિત અહીં માર્ગની મરામત અથવા નવો માર્ગ બનાવે તેવી માંગ કરવામાં આવી હતી.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૬૦ | ૧૬૬૬ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૨૦ | ૧૫૫૦ |
| ૩ | મગફળી | ૧૦૩૫ | ૧૦૬૫ |
| ૪ | જીરૂ | ૨૯૨૦ | ૩૬૬૦ |
| ૫ | ઘઉં | ૪૮૦ | ૫૧૦ |
| ૬ | મગ | ૧૨૬૦ | ૧૪૩૦ |
| ૭ | તલ સફેદ | ૧૬૯૦ | ૧૭૫૦ |
| ૮ | તલ કાળા | ૨૪૧૦ | ૩૨૫૦ |
| ૯ | ચણા | ૧૦૬૨ | ૧૧૦૮ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૧૦ | ૧૦૮૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૩૦ | ૧૦૯૧ |
| ૩ | શીંગ દાણા | ૧૧૦૦ | ૧૩૫૨ |
| ૪ | તલ સફેદ | ૧૪૨૦ | ૨૧૬૧ |
| ૫ | તલ કાળા | ૩૦૦૦ | ૩૮૩૦ |
| ૬ | જીરૂ | ૩૦૦૦ | ૩૮૦૦ |
| ૭ | કપાસ | ૧૫૦૦ | ૧૬૩૫ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૫૦ |
| ૧૦ | બાજરો | ૩૫૦ | ૫૭૦ |
| ૧૧ | જુવાર | ૩૫૦ | ૫૧૫ |
| ૧૨ | મકાઈ | – | ૪૫૦ |
| ૧૩ | મગ | ૧૨૫૦ | ૧૪૩૧ |
| ૧૪ | ચણા | ૧૦૭૦ | ૧૧૨૮ |
| ૧૫ | તુવેર | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૧૬ | એરંડી | ૧૦૦૦ | ૧૨૭૦ |
| ૧૭ | ધાણા | ૧૦૫૦ | ૧૩૧૦ |
| ૧૮ | સોયાબીન | ૭૦૦ | – |

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીમાં પ્રૌઢા ઉપર**

થતો હોય. જેથી ગત તા. ૧૩ના રોજ બપોરના દોઢેકવાગ્યે આ આધેડ મહિલાને આરોપી અંજનાબેન અને સોનલબેને તેણીને પકડી રાખી જેમ ફાવે એમ ગાળો આપી અને ઢીકાપાટુ વડે માર માર્યો તથા આરોપી સોનલબેનની દીકરી અદિતીએ પણ આ આધેડ મહિલાને પાણીના લોટા વડે માર મારી ડાબી આંખની નીચેના ભાગે લોહી નીકળેલ તથા ડાબી આંખ સોજી ગયેલ હોય તે અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં**

અરજણભાઈ મકવાણા નામના ૪૩ વર્ષિય આધેડ ગત તા. ૧૩ના રોજ બપોરના ૩:૩૦ વાગ્યે પોતાની વાડીએ કુવાની બાજુમાં કામ કરતા હોય તે સમયે અચાનક તેમનો પગ લપસી જતા કુવામાં પડી જતા કૂવાના પાણીમાં ડુબી જતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ત્રીજા બનાવમાં બાબરા ગામે આવેલ ભગવતપરામાં રહેતા પ્રકાશભાઈ જયસુખભાઈ પોકીયા નામના ૩૩ વર્ષિય યુવક ગત તા. ૨ ના રોજ રાત્રે ૯ વાગ્યાના સમયે બાબરા ગામે તાલુકા પંચાયત પાસે રોડ પરથી બાઈક ઉપર પસાર થતાં હતાં ત્યારે ગાય રોડ વચ્ચે આડી પડતા અકસ્માતે બાઈક ગાય સાથે ભટકાઈ જતા યુવકને માથાના ભાગે ગંભીર ઈજા થતા અમદાવાદ ખાતે સારવારમાં ખસેડાયેલ જયાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

જયારે ચોથા અને અંતિમ બનાવમાં સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે રહેતી ચંદ્રિકાબેન હકુભાઈ સોંલકી નામની ૧૪ વર્ષિય તરૂણીએ ગત તા. ૨૨/૬ના રોજ આશરે ૧૨ વાગ્યાના અરસામાં કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતાં તેણીનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૦૫ |
| ૨ | ચણા | ૯૪૫ | ૯૪૫ |
| ૩ | મગ | ૧૪૧૦ | ૧૪૧૦ |
| ૪ | મેથી | ૭૦૫ | ૭૦૫ |
| ૫ | સોયાબીન | ૭૮૦ | ૭૮૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૫૫ | ૧૦૦૯ |
| ૨ | તલ સફેદ | ૧૩૭૬ | ૨૧૦૦ |
| ૩ | તલ કાળા | ૩૭૦૧ | ૩૭૦૧ |
| ૪ | કપાસ | ૧૬૦૦ | ૧૬૫૧ |
| ૫ | બાજરો | ૩૬૨ | ૫૦૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૮૭ | ૫૮૫ |
| ૭ | જુવાર | ૬૦૦ | ૯૦૦ |
| ૮ | મગ | ૧૩૦૦ | ૧૪૫૧ |
| ૯ | અડદ | ૧૩૫૧ | ૧૩૫૧ |
| ૧૦ | તુવેર | ૧૦૭૫ | ૧૦૭૫ |
| ૧૧ | ચણા | ૯૫૦ | ૧૧૧૩ |
| ૧૨ | એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૩ | સોયાબીન | ૬૯૦ | ૮૦૦ |
| ૧૪ | શીંગદાણા | ૧૩૮૧ | ૧૩૮૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૬૦ |
| ૨ | ઘઉં લોકવન | ૩૫૫ | ૪૪૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૪ | ૫૦૨ |
| ૪ | ચણા | ૧૦૫૦ | ૧૧૨૨ |
| ૫ | તલ સફેદ | ૧૧૯૦ | ૧૮૪૦ |
| ૬ | સોયાબીન | ૭૬૬ | ૭૯૦ |
| ૭ | ચોળી | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૮ | તુવેર | ૯૪૦ | ૧૧૦૦ |
| ૯ | ધાણા | ૧૨૧૫ | ૧૩૧૫ |
| ૧૦ | શીંગદાણા | ૧૧૮૦ | ૧૪૯૦ |
| ૧૧ | મગફળી | ૯૦૫ | ૯૩૫ |
| ૧૨ | શીંગ ફાડા | ૧૨૭૦ | ૧૩૦૫ |
| ૧૩ | કાંગ | ૩૦૦ | ૩૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું **પહેલા ''નલ સે જલ'' મનરેગા**

અને ત્યારે પછી કરોડો રૂપિયાની રકમ એકસ્ટ્રા એક્ષેસ તરીકે ચુકવવામાં આવે છે. ઓડીટ રીપોર્ટમાં ગંભીર ક્ષતિ ધ્યાનમાં આવી છે તે મુજબ લગભગ ૩૫ કરોડ રૂપિયાના કામ કોઈપણ જાતના ટેન્ડર વગર માનીતી એજન્સીને આપી દેવામાં આવ્યા છે. ઓડીટમાં એ પણ પેરો કાઢયો છે કે માનીતી કંપનીઓને લાભ કરાવવા માટે ટેન્ડરમાં શરતો સુધારવામાં આવી છે, કંપની દ્વારા ખોટી માહિતી આપવા છતાં એને સુધારીને ચોક્કસ કંપનીને લાભ કરાવવામાં આવ્યો છે. ખાસ કરીને એફએમજીને ટેસ્ટીંગ માટેની રકમ જે તે એજન્સી પાસેથી વસુલવાની હોય એવી લગભગ ૩.૫૦ કરોડ જેટલી રકમ નહિ ચૂકવીને કંપનીને ફાયદો કરવવામાં આવ્યો છે. કેટલીક જગ્યાએ એર પોલ્યુશનને લગતા સાધનો ફીટ કરવાના હતા, ખાસ કરીને દહેજ અને વાપી વિસ્તારમાં સાધનો ફીટ કાર્ય સિવાય, એના સર્ટીફીકેટ વગર લગભગ ૬.૫૦ કરોડ રૂપિયા બારોબાર ચૂકવી દેવામાં આવ્યા છે. છે. પહેલેથી ટેન્ડર નક્કી થયું હોય કે ઉપભોકતા માટે વસ્તુઓ એટલે કે ટેન્ડરની જે એજન્સી છે એણે પુરી પડવાની હોય પણ પાછળથી શરતો સુધારી એનો ખર્ચ પણ જીઆઈડીસી દ્વારા કરવામાં આવ્યો. લગભગ ૩.૫૦ કરોડ કરતા વધારેની રકમનો એજન્સીઓને ફાયદો કરાવવામાં આવ્યો છે. પ્રાથમિક અહેવાલ જોઈએ તો ૬૦ કરોડ રૂપિયા જેટલી રકમ જીઆઈડીસીને ચોક્કસ અધિકારીઓ દ્વારા ચૂનો ચોપડવામાં આવ્યો છે, ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે.

વધુમાં અમિત ચાવડાએ જણાવ્યું કે મને એકજાગૃત નાગરિક દ્વારા પુરાવારૂપે ફરિયાદ મળી છે કે ચોક્કસ અધિકારીઓની એક સીન્ડીકેટ ચાલે છે જે વ્યવસ્થિત રીતે કરોડો રૂપિયાનું કૌભાંડ કરે છે. જીઆઈડીસીના ચીફ એન્જીનીયર રમેશ ભૂગોરાનો કાર્યકાળ ખુબ વિવાદોથી ઘેરાયેલો રહ્યો છે, નોકરીની શરૂઆતથી લઈ લાયકાત ધરાવતા ના હોવા છતાં અનેક પ્રમોશનો મળ્યા, અનેક જગ્યાનો વધારાનો એમને ચાર્જ સોંપવામાં આવ્યો, લાયકાત સિવાય ચીફ એન્જીનીયર બનાવવામાં આવ્યા અને નિવૃતિ પછી પણ એલ્ટેન્શન આપવામાં આવ્યું. જેની ફરિયાદો અને વિગતો મળી છે તે મુજબ એમના કાર્યકાળ દરમ્યાન ૧૫૦ કરોડ રૂપિયા જેટલી રકમના એકસ્ટ્રા એક્ષેસના બીલો ચુકવવામાં આવ્યા છે. કોઈપણ ડીપાર્ટમેન્ટમાં કોઈ કોન્ટ્રકટર હોય એ કોઈ એકસ્ટ્રા એક્ષેસ માટેનું બીલ લઈને જાય તો વિભાગમાં કલીયર કરાવતા મહિનાઓ નીકળી જાય પણ અહિયાં જે વિગતો આપવામાં આવી છે તે મુજબ ભગોરાના સમયગાળામાં એકસ્ટ્રા એક્ષેસના બીલો ગણતરીના દિવસોમાં ક્લીયર થયા છે અને એ પણ એવો સમયગાળો હતો જયારે નિવૃત્તિના સમયગાળામાં ખુબ ઝડપથી ૧૫૦ કરોડ જેટલી રકમના બીલો ચુકવવામાં આવ્યા છે.સાથે એમના માનીતા અધિકારીઓને અનેક જગ્યાએ પોસ્ટીંગ આપવામાં આવ્યું, એમની વાતમાં ખોટું કરવામાં જે અધીકારીઓ સંમત ના થયા એવા લોકોને સાઈડમાં મુકવામાં આવ્યા, એમની વિરૂદ્ધ એમના વિભાગના ઉચ્ચ અધિકારીઓએ ફરિયાદ કરી તેમ છતાં કોઈ પગલા ના લેવાયા. કોઈને પૂછયું કે આમની સામે કેમ પગલા લેવાતા નથી. તો કહે કે એમને ચૂંટણીઓ હોય તો કેટલાક જિલ્લાઓની જવાબદારી સોંપવામાં આવે છે કે આટલા જિલ્લાઓમાં ચોક્કસ લોકોને આટલું ચૂંટણી ફંડ પહોંચાડવાનું છે અને એના કારણે એમને ઉપરથી ચાર હાથ હોય, આશીર્વાદ હોય એના કારણે ખુલ્લેઆમ એમના સમયમાં ભ્રષ્ટાચાર થયો છે. જયારે ઓડીટે પણ ચોખ્ખા પેરા મારફતે ભ્રષ્ટાચાર ઉજાગર કર્યો છે, ત્યાના જાગૃત નાગરિકોએ પણ વિગતવાર માહિતી આપી છે અને જયારે જુન મહિનામાં ઓડીટ થયું એમાં પેરામાં ૬૦ કરોડની સીધી ગેરરીતિની વિગતો આપવામાં આવી છે તેમ છતાં આ કોઈનાથી ડરતા નથી.

વધુમાં ચાવડાએ જણાવ્યું કે પહેલી જુલાઈના રોજ ફરી એક ટેન્ડરમાં ૩૦ કરોડ રૂપિયા કરતા વધારે રકમનું એક્ષેસ ચૂકવણું કરવામાં આવે છે. એનો સ્પષ્ટ મતલબ છે કે કોઈના ડર વગર ઉપરના આશીર્વાદર્થી આવા અધિકારીઓ અને બાકીલોકોના મેળાપીપણાથી ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. ત્યારે અમે સરકાર પાસે માંગણી કરીએ છીએ કે બહુ પ્રમાણિકતાથી ઓપરેશન ગંગાજળની વાત કરો છો, મુખ્યમંત્રી સરપંચ સંમેલનમાં નવા ચૂંટાયેલા સરપંચોને સલાહ આપે છે કે ભ્રષ્ટાચાર કરતા નહિ, કોઈની વાતોમાં આવતા નહિ, નહિ તો છોડવામાં નહિ આવે. તો મુખ્યમંત્રીને કહેવું છે કે તમારા રાજમાં જીઆઈડીસીના અધિકારીઓ અને મળતિયાઓ છે એમના દ્વારા કરોડોનું ખોટું થઈ રહ્યું છે. ઓડીટે પેરા કાઢયા છે, તો છેલ્લા પાંચ વર્ષમાં જીઆઈડીસીમાં જેટલા પણ ટેન્ડરો થયા છે એ તમામ ટેન્ડરોમાં એકસ્ટ્રા એક્ષેસ તરીકે લગભગ ૧૫૦ કરોડ રૂપિયાના જે વધારેના ચુકવણા થયા છે એની તપાસ થવી જોઈએ, સાથસાથે જેટલા પણ કામ થયા છે એમાં આક્ષેપ છે કે સ્થળ પર કામ થયા નથી, મશીનો લાગ્યા નથી તેમ છતાં ચૂકવણું કરવામાં આવ્યું છે. તો એક તપાસ સમિતિ બનાવી આ તમામ કામોની પાસ થવી જોઈએ. જયારે એકસ્ટ્રા એક્ષેસ બીલ ચૂકવવાનું હોય તો એમુક એમુક રકમથી વધારેનું બીલ થાય તો ચીફ એન્જીનીયરને પણ સત્તા હોતી નથી એના માટે એમણે મંજુરી લેવાની થાય છે, નાણાં વિભાગમાં મંજુરી લેવાની થાય છે, કોઈપણ મંજુરી વગર ચુકવણા થયા છે તેવા તમામ નાણાંકીય વહેવારોની પણ તપાસ કરવાઁ માટે તપાસ સમિતિ નીમવામાં આવે. આવા કૌભાંડોની તપાસ થવી જોઈએ. પ્રજાના ટેક્ષનો, પરસેવાના પૈસાની જે ઉંઘાડી લુંટ ચાલી રહી છે તેને અટકાવી જોઈએ અને જે જવાબદારો હોય એમને જેલના સળિયા પાછળ નાખવા જોઈએ અનેજે આવા અધિકારીઓ હોય કે કોઈ નેતા હોય એની પર કરોડો રૂપિયાના આક્ષેપ લાગે છે, ભ્રષ્ટાચારના પુરાવા લોકો આપે છે તેમ છતાં હજુ સુધી કોઈ કાર્યવાહી થતી નથી. તો ખાતાકીય તપાસ થાય એટલું જરૂરી નથી. એ.સી.બી.ની તપાસ થવી જોઈએ અને ઈ.ડી. અને ઈન્કમ ટેક્ષ કોઈ સામાન્ય લોકોને ત્યાં પહોંચી જાય છે તો આવા કરોડોનું કૌભાંડ કરવાવાળાને ત્યાં કેમ નથી જતી એ મુખ્યમંત્રી તપાસ કરાવે એવી માંગણી કરીએ છીએ.

## સુક્ષ્મક્રિયા, આસન, પ્રાણાયમ, ષટ્કર્મ, મુદ્રાનો નિયમિત અભ્યાસ કરી મેદસ્વિતાને આપો માત

# અમરેલી જિલ્લામાં મેદસ્વિતા મુકત સ્વસ્થ જીવનશૈલી માટે યોગ તરફ વળતા નાગરિકો

રાજય યોગ બોર્ડ દ્વારા જિલ્લાનાં ૩૧ યોગ કલાસમાં મોટી સંખ્યામાં જોડાતા યોગ સાધકો

યોગ કલાસમાં ડાયેટ પ્લાન પણ આપવામાં આવે છે : એક કદમ સ્વસ્થતા તરફ

આહારની નિયમિતતા અને શિસ્તબંધ યોગ દ્વારા મહિને ૩-૫ કિલો સુધીનું વજન ઘટાડી શકાય

''સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા, મુક્ત ગુજરાત'' અંતર્ગત ઉમદા કામગીરી



આલેખનઃ જય મિશ્રા

અમરેલી, તા. ૧૪

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનના પગલે રાજયસરકાર દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ‘ સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુકત ગુજરાત’નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

મેદસ્વિતા અને વધુ પડતો વજન એ આરોગ્ય માટે જોખમી સાબિત થઈ શકે છે. જો કે, તકેદારીના પગલાં ભરવાથી મેદસ્વિતાનું નિવારણ લાવી શકાય છે. મેદસ્વિતાને માત આપવા માટે ઋષિમુનિઓ દ્વારા આપવામાં આવેલા યોગ એ ભારતની સ્વાસ્થ વિરાસત છે. રાજયમાં યોગ દ્વારા મેદસ્વિતા મુકત જીવન તરફ નાગરિકો વળી રહ્યા છે.

ગુજરાત રાજય યોગ બોર્ડ મેદસ્વિતા મુકત અભિયાનને આગળ ધપાવવા માટે મહત્વનો ભાગ ભજવી રહ્યું છે. અમરેલી જિલ્લામાં મેદસ્વિતા મુકત જીવનશૈલી તેમજ સ્વાસ્થપ્રદ દિનચર્યા અપનાવી મોટી સંખ્યામાં લોકો યોગ અભ્યાસ કરી રહ્યા છે.

જિલ્લામાં ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા જુલાઈ-૨૦૨૫ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ૩૧ કલાસ સંચાલિત છે. આ નિઃશુલ્ક યોગ કલાસમાં પ્રતિદિન દોઢ કલાક જેટલો યોગ અભ્યાસ કરાવવામાં આવે છે. આ ઉપરાંત સ્વસ્થ આહારશૈલીની હિમાયત કરવામાં આવે છે અને ડાયેટ પ્લાન પણ આપવામાં આવે છે.

આ અંગે ગુજરાત રાજય યોગબોર્ડના જિલ્લા કો-ઓર્ડિનેટર સાગર મહેતાએ જણાવ્યુ કે, અમરેલી જિલ્લામાં મોટી સંખ્યામાં લોકો યોગ સાધના માટે આગળ આવી રહ્યા છે. રાજયસરકારના મેદસ્વિતા મુકત ગુજરાત અભિયાનની સકારાત્મક અસરના લીધે લોકો મેદસ્વિતા અંગે જાગૃત્ત થઈ રહ્યા છે. અમરેલી શહેરમાં ૨૦ કલાસ સંચાલિત છે જયારે બાકી તાલુકા મથકો પર ૧૧ યોગ કલાસ કાર્યરત છે. પ્રતિ યોગ કલાસમાં ૩૫-૪૦ સુધીની સંખ્યા નિયમિત રીતે નોંધાઈ છે.

તેમણે ઉમેર્યુ કે, મેદસ્વિતા ઘટાડવા માટે યોગએ પ્રાચીન ઉપાય છે. અમે સુક્ષ્મક્રિયા, આસન, પ્રાણાયમ, ષટ્કર્મ, મુદ્રા, એકયુપ્રેશરનો અભ્યાસ કરાવીએ છીએ. આ ઉપરાંત સવારના નાસ્તો, બપોરનું ભોજન અને રાત્રિના ભોજનનો ડાયેટ (આહાર) ચાર્ટ આપીએ છીએ. કલાસ માટે આવતા મોટાભાગના લોકોની ફરિયાદ વધુ વજન અને અનિયમિત જીવનશૈલીની હોય છે જેને યોગ દ્વારા સુધારી શકાય છે. જો એક યોગ સાધક શિસ્તબદ્ધ યોગ સાધના અને ડાયેટને અનુસરે તો એક મહિનામાં અદાજિત ૦૩-૦૫ કિલો સુધી વજન ઘટાડી શકાય છે.

મેદસ્વિતા ઘટાડવા માટેના ઉપાયો સૂચવતા મહેતાએ ઉમેર્યુ કે, જો કોઈ વ્યકિતને કમર અથવા સાંધાનો દુઃખાવો ન હોય તો તેમના માટે સૂર્ય નમસ્કાર શ્રેષ્ઠ અભ્યાસ છે. જો દુઃખાવો હોય તો સુક્ષ્મક્રિયા અને વીરભદ્રાસન, તાડાસન, પર્વતાસન, તિર્યક તાડાસન, ત્રિકોણાસન વગેરે જેવાં, ચોક્કસ આસનો કરી શકાય છે.

ગુજરાત રાજય યોગ બોર્ડની અમરેલી જિલ્લામાં સક્રિયા પ્રવૃત્તિ વિશે વિગતો આપતા મહેતા જણાવે છે કે, અમરેલી જિલ્લામાં હાલ ૧૨ યોગ કોચ, ૫૦૦ સર્ટિફાઈડ યોગ ટ્રેઈનર છે. જિલ્લામાં આગામી દિવસોમાં ૪૦ કલાસ સુધી પહોંચવાનો લક્ષ્ય છે જે આગળ જતા સમગ્ર જિલ્લામાં ૧૦૦ યોગ કલાસ થાય તેવા સઘન પ્રયાસો કરવામાં આવ્યા છે. દિનપ્રતિદિન લોકોની વધતી જતી જાગૃત્તિ એ યોગ શિક્ષકોનો ઉત્સાહ પણ વધારી રહી છે અને રાજય સરકારના અભિયાનને વેગવંતો બનાવી રહી છે.

અમરેલી જિલ્લાના નાગરિકો યોગ અભ્યાસ માટે મેદસ્વિતા મુકત જીવનશૈલી માટે ટ્રેઈનર અને યોગ સાધક બની આ અભિયાનમાં જોડાઈ શકે છે. નજીકના વિસ્તારમાં કાર્યરત યોગ કલાસની તેમજ ટ્રેઈનર કે કોચ વિશેની વિગત માટે જિલ્લા યોગ કો-ઓર્ડિનેટર સાગર મહેતાના મોબાઈલ નં. ૯૦૩૩૩ ૧૬૮૪૧ પર સંપર્ક કરી શકાય છે.

આગામી દિવસોમાં અમરેલી જિલ્લામાં જનઆંદોલન દ્વારા યોગ થકી મેદસ્વિતા મુકત ગુજરાત અભિયાનના સંકલ્પને ચરિતાર્થ કરવા માટે રાજય યોગ બોર્ડ કટિબદ્ધ છે.

---

## ખાતમુહૂર્ત કરી ગયા પછી કામ કરવાનું ભૂલી ગયા ?

# લ્યો બોલો : મોટા ગોખરવાળામાં બે વર્ષ પહેલાં ખાતમુહૂર્ત થયા છતાં પશુ દવાખાનું હજુ બન્યું નથી

### પશુ ડોકટરે ફોન ન ઉપાડતા ૧ લાખ રૂપિયાની કિંમતની ભેંસનું બીમારીથી મોત



અમરેલી, તા. ૧૪

અમરેલી તાલુકાના મોટા ગોખરવાળા ગામે અંદાજીત બે વર્ષ પહેલા એક રાજકીય નેતા દ્વારા પશુ દવાખાનાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ પણ કયારેય દવાખાનું બનાવવાની કામગીરી શરૂ થઈ જ નથી. આવા સંજોગોમાં પશુ ડોકટરે પણ ફોન ન ઉપાડતા હોવાથી સારવાર અભાવે પશુઓ મોતને ભેટી રહ્યાં છે.

અમરેલી તાલુકાના મોટા ગોખરવાળામાં આજથી બે વર્ષ પહેલા જ તંત્ર દ્વારા બે પશુ દવાખાનું મંજૂર કરાયા હતાં. અને ત્યાર બાદ તેમનું ખાતમુહૂર્ત પણ કરી દેવામાં આવ્યું હતું. નિયમાનુસાર ખાતમુહૂર્તની વિધિ ત્યારે જ કરવામાં આવે છે. જયારે બાંધકામની કામગીરી શરૂ થવાની હોય. પરંતુ મોટા ગોખરવાળામાં બે બે વર્ષના વહાણાં વીતી ગયા તેમ છતા પણ પશુ દવાખાનું બનાવવાની કામગીરી હજુ સુધી શરૂ થઈ નથી.

ખાતમુહૂર્ત કરવા આવેલા નેતાઓ તથા અધિકારીઓ પણ ખાતમુહૂર્ત કરી અને ચાલ્યા ગયા બાદ તે લોકો પણ પશુ દવાખાનું બન્યું કે કેમ તે જોવા ગામમાં ડોકાતા નથી. આ ગામમાં રહેતા કરણભાઈ ગોસાઈએ જણાવ્યું કે, તેમની ભેંસ બીમાર હોવાથી ઈમર્જન્સીમાં સારવારની વ્યવસ્થા થાય તે માટે તેઓએ પશુ ડોકટરને તેમના મોબાઈલ નંબર પર ૧૫ થી ૨૦ જેટલા કાલ કરવામાં આવ્યા હતા. તેમ છતા પણ પશુ ચિકિત્સક દ્વારા ફોન ઉપાડવાની તસદી લીધી નહોતી. જેથી બીમારીના કારણે તેમની રૂપિયા ૧ લાખની કિંમતની ભેંસનું સ્થળ પર જ મૃત્યુ થયું હતું.

જો મોટા ગોખરવાળા ગામમાં પશુ દવાખાનું બની ગયું હોત અને પશુ ડોકટરે પણ ફોન ઉપાડીને સારવારની વ્યવસ્થા કરી હોત તો કદાચ તેમની ૧ લાખની કિંમતની ભેંસનો જીવ બચાવી શકાય હોત.

---

## ગૌમાતા માટે આપણે શું શું કરી શકીએ ?



અમરેલી, તા. ૧૪

૧. ભારતની ગાયના દુધ, દહી, ઘીનો જ ઉપયોગ કરીએ ૨. પંચગવ્યથી નિર્મિત દવાઓનો ઉપયોગ કરીએ ૩. ગૌ આધારીત જૈવિક ખેતી અપનાવીએ ૪. ગૌ આધારીત ગ્રામદ્યોગની સ્થાપના કરીએ ૫. એક પરિવાર થકી એક ગાયનું પાલન-પોષણ કરીએ ૬. ગૌચરની જાળવણી કરીએ અને દબાણ હટાવીએ ૭. ગૌશાળા શરૂ કરવામાં નિમિત બનીએ ૮. ગૌસારવાર કેન્દ્રો હોસ્પિટલને મદદરૂપ થઈએ ૯. માંગલિક કાર્યો અને શુભ અવસરો પર ગૌમાતા માટે મંગલનિધિ આપીએ ૧૦. જન્મદિવસ, લગ્ન સંસ્કાર એવં અન્ય પ્રસંગો ઉપર ગૌમાતાનું સ્મરણ કરી દાન કરીએ ૧૧. દિકરીને એક ગાયનું દાન આપીએ ૧૨. ગોપાલકોને આદર અને સન્માન આપીએ ૧૩ ઘરમાં સર્વ દેવમયી ગૌમાતાનું ચિત્ર લગાવીએ ૧૪ દરરોજ ગૌમાતાના દર્શન કરીએ ૧૫. વર્ષમાં એક વખત ગૌશાળાની મુલાકાત લઈએ ૧૬ ગૌ ઉત્સવો જોર-શોરથી ઉજવવાની શરૂઆત કરીએ ૧૭. ગૌસેવા અર્થે પ્રકાશિત થતી - પત્રિકાઓ અને સાહિત્ય જરૂર મંગાવીએ, પ્રિન્ટ મીડીયા, સોશ્યલ મીડીયા, ઈલેકટ્રોનિક મીડીયામાં ગૌસેવાનો પ્રચાર-પ્રસાર કરીએ ૧૮. ગૌરક્ષા, ગૌપાલન અને ગૌ સંવર્ધન સહિતના ગૌસેવાના તમામ કાર્યોમાં સહયોગ આપીએ.

-મિતલખેતાણી
(મો.૯૮૨૪૨૨૧૯૯૯)

---

## તાલુકા પોલીસે ઈન્દોર ખાતેથી દબોચી લીધો

# અમરેલી તા.પો. સ્ટેશનનાં અપહરણનાં ગુન્હામાં નાસતો-ફરતો આરોપી ઝડપાયો

### ૫ મહિના બાદ આરોપીની અટકાયત



અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતે અમરેલી જીલ્લામાં ગુનાઓ આચારી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હતું.

જે અન્વયે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. ઓ.કે. જાડેજાની રાહબરી હેઠળ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૧૩૭(૨) તથા ૮૭ તથા પોકસો એકટની કલમ ૧૮ મુજબના કામનો આરોપી રાધેશ્યામ ઘુમસિંગ સીંગાડ (રહે. મધ્યપ્રદેશ) પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે છેલ્લા ૫ મહિનાથી નાસતો ફરતો હોય. આ આરોપીનુ કોર્ટ દ્વારા બી.એન.એસ.એસ. કલમ-૭૨ મુજબનુ વોરંટ ઈસ્યુ પણ કરવામા આવેલ હતું. આરોપીને ટેકનીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે મધ્યપ્રદેશ રાજયના ઈન્દોર ખાતેથી આરોપી તથા ભોગ બનનારને પકડી પાડી આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---

## જામનગરમાં કોંગ્રેસનો પાલિકા કચેરીમાં નવતર વિરોધ

# ભાજપના રાજમાં ભ્રષ્ટાચાર નાબૂદ કરવા માટે હવન કરી આહુતી આપી

જામનગર, તા.૧૪

જામનગર મહાનગરપાલિકાની કચેરીમાં વિરોધ પક્ષના કાર્યાલય પાસે આજે શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજાની આગેવાનીમાં કોંગી કાર્યકરો અને કોર્પોરેટર વગેરેએ નવતર પ્રકારે વિરોધ પ્રદર્શન કર્યુ હતું, અને ભાજપના રાજમાં ચાલી રહેલા ભ્રષ્ટાચારના મુદ્દે જાહેરમાં હવન કરીને ભ્રષ્ટાચાર નાબૂદ કરવા માટે આહુતી આપી હતી. જોકે ત્યારબાદ પોલીસ ટુકડી દોડી ગઈ હતી, અને તમામને વિખુટા પાડ્યા હતા.

જામનગર શહેર કોંગ્રેસના પ્રમુખ દીગુભા જાડેજા, તેમજ વિરોધ પક્ષના નેતા ધવલ નંદાની રાહબરી હેઠળ કોંગ્રેસના કાર્યકરો હાથમાં બેનર પોસ્ટર સાથે જોડાયા હતા, અને ભય ભૂખ અને ભ્રષ્ટાચાર ભાજપના રાજમાં ફુલ્યો ફાલ્યો છે. 'કચરા ઉપાડવામાં ભાજપનો ભ્રષ્ટાચાર', 'ભૂગર્ભમાં ભાજપ તારો ભ્રષ્ટાચાર', 'ટેન્ડર પ્રક્રિયામાં ભાજપનું ઈલુ ઈલુ' સહિતના અલગ અલગ પોસ્ટરો દર્શાવીને વિરોધ કર્યો હતો.

ત્યારબાદ વિરોધ પક્ષના કાર્યાલયની બહારની લોબીમાં તમામ કોંગી કાર્યકરો બેસી ગયા હતા, અને હવન કરીને ભ્રષ્ટાચાર નાબુદી માટેની આહુતિ આપી હતી. જોકે આ સમયે સીટી એ. ડિવિઝનનો પોલીસ કાફલો આવી પહોંચ્યો હતો, અને તમામ કોંગી કાર્યકરોને ત્યાંથી દૂર કર્યા હતા.

---

# લીલીયા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પી.આઈ.જે. ગીડાની બગસરા બદલી થતા વિદાય અપાઈ



લીલીયા પોલીસ સ્ટેશનના જાબાજ પોલીસ ઈન્સ્પેકટર આઈ.જે. ગીડાની લીલીયા પોલીસ સ્ટેશન ખાતેથી બગસરા પોલીસ સ્ટેશન ખાતે બદલી થતાં પી.આઈ.નો ભવ્ય વિદાયમાન કાર્યક્રમ લીલીયા પોલીસ સ્ટાફ દ્વારા યોજવામાં આવ્યો આ તકે લીલીયા પોલીસ પરિવાર દ્વારા સાકર પડો, પુષ્પગુચ્છ, મોમેન્ટો આપી સન્માનિત કરાયા આ તકે પી.આઈ. દ્વારા લીલીયા પોલીસ સ્ટાફને કાયદાકીય કાર્યવાહી કરવા અને કોઈપણ બનાવ સબબ ત્વરિત કાર્યવાહી કરવા અને કાયદો વ્યવસ્થાની જાળવણી કરવા અંગે ખાસ સૂચનો આપવામાં આવેલ લીલીયા પોલીસ ઈન્સ્પેકટર ગીડાને પોલીસ સ્ટાફ દ્વારા પુષ્પવર્ષા કરી ભવ્ય વિદાયમાન આપવામાં આવેલ અને લીલીયા પોલીસ દ્વારા ઉતરોતર પ્રગતિ કરો તેવી તમામ સ્ટાફ વધી શુભકામનાઓ પાઠવવામાં આવેલ હતી. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

હવે.. બદલાશે સારવારની પરીભાષા
અમરેલીમાં એકમાત્ર રેગ્યુલર યુરોલોજીસ્ટ ધરાવતી હોસ્પિટલ

કિડનીના રોગો, પથરીના ઓપરેશન,પ્રોસ્ટેટના ઓપરેશન અને સારવાર, સુન્નતના ઓપરેશન, પુરૂષોમાં વ્યંધત્વ અને સેક્સ સંબંધીત સમસ્યાઓનું નિરાકરણ
લેબોરેટરી, ડીઝીટલ એક્સ-રે, મેડિકલ સુવિધા રાહતદરે
આયુષ્યમાન ભારત યોજના દ્વારા મફત સારવાર ઉપલબ્ધ
કિડની, મુત્રમાર્ગ, પ્રોસ્ટેટ અને પથરીના સુપર સ્પેશ્યાલિટ
ડો.નીત ચોટાઇ
MBBS, M.S., Dr NB (Urology)
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦


## માર્ગ–મકાન (પંચાયત) વિભાગનાં અધિકારીઓ એકવાર વાહન ચલાવે તો ખબર પડે

# ધરાઈથી મોણપુર માર્ગ ઉપર પસાર થવું એટલે લોઢાનાં ચણા ચાવવા જેવું

ભ્રષ્ટાચારથી દાયકાઓથી ખદબદતાં માર્ગ મકાન વિભાગની ગુનાહિત બેદરકારી

અનેક ગામોનાં નાગરિકો જિલ્લા મથક સુધી પહોંચવા જે માર્ગનો ઉપયોગ કરે તેજ બિસ્માર

નવો બનાવવાનું તો ભૂલી જવાયું પરંતુ મરામત કરવાની પણ તસ્દી લેવામાં આવતી નથી

કોઈ અકસ્માતની ઘટના બનશે તો જવાબદારી કોની રહેશે તેવો વેધક પ્રશ્ન ઉભો થયો


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૪

બાબરા તાલુકાના ધરાઈથી મોણપુર સુધીનો ચાર કિલોમીટરનો માર્ગ અતિ બિસ્માર બનતા અહીંથી પસાર થનાર સૌ કોઈને ભારે હાલાકીનો સામનો કરવાની ફરજ પડી રહી છે.

અહીં ગ્રામ્ય વિસ્તારના લોકો અને રાહદારીઓના જણાવ્યા અનુસાર તાજેતરમાં અહીં વાવડીથી ઘૂઘરાળાનો માર્ગ રૂા. ૫૦ લાખના ખર્ચે ધારાસભ્ય દ્વારા મંજૂર કરાવી કામ શરૂ કરાવ્યું હતું.

અનુસંધાન પાના ૬ ઉપર

### આનંદનગર શેરી–૫ માં બની ઘટના

## અમરેલીમાં પ્રૌઢા ઉપર તેમની બહેનો અને ભાણેજે કર્યો હુમલો

### પ્રૌઢાએ સ્થાનિક પોલીસમાં ફરિયાદ નોંધાવી

અમરેલી, તા. ૧૪

અમરેલી આનંદનગર શેરી નંબર–૫ માં રહેતી કૈલાશબેન રજનીકાંત જાની નામની ૫૫ વર્ષિય આધેડ મહિલાને તેમની બહેનો સાથે અવાર–નવાર ઝઘડો

અનુસંધાન પાના ૬ ઉપર

### સાવરકુંડલા, લાઠી, ખાંભા અને બાબરા સહિત

## અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં અપમૃત્યુનાં ૪ બનાવો નોંધાયા

### ૨ વ્યકિતનાં ડૂબી જવાથી, ૧ વ્યકિતનું માર્ગ અકસ્માતે અને ૧ વ્યકિતએ દવા પી લીધી

અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન અલગ અલગ ૪ જેટલાં અપમૃત્યુના બનાવો પોલીસ ચોપડે નોંધાતા સ્થાનિક પોલીસ દ્વારા બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

પ્રથમ બનાવમાં લાઠી લુવારીયા દરવાજે મકવાણા શેરીમાં રહેતા કિશોરભાઈ ચુનીભાઈ મકવાણા નામના ૫૪ વર્ષિય આધેડ ગત તા. ૧૦ના સવારના દશેક વાગ્યેથી તા. ૧૩ના સાંજના ૫ વાગ્યે દરમિયાન લાઠી અકાળા રોડ ઉપર આવેલ ભરતભાઈ અરજણભાઈ ડાંગરની વાડીની સામે આવેલ તળાવમાં કોઈ અગમ્ય કારણોસર પડી જતાં તેમનું પાણીમાં ડૂબી જવાથી મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

બીજા બનાવમાં ખાંભા તાલુકાના ડેડાણ ગામે રહેતા રામભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર


ક્રિષ્ના ડાઈનીંગ હોલ
Krishna DINING HALL
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.

જીગરજાન મિત્રને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

સ્વ. પ્રકાશભાઈ જયસુખભાઈ પોકીયા
સવંત ૨૦૮૧ અષાઢ વદ ૧ ને શુક્રવાર, સ્વ.તા.૧૧-૦૭-૨૦૨૫, મુ. બાબરા
સેવાકિય કાર્યો થકી ઉજળા, પરદુઃખભંજન, એવા કર્મોની સુવાસ ફેલાવનાર જીવ,
આપની મીઠી મધુરપ વાણી, હરહંમેશ સેવાકાર્યમાં તત્પર એવા પરોપકારી
આત્માને પરમ કૃપાળુ પરમાત્મા શાશ્વત શાંતિ અર્પે એજ પ્રાર્થના સહ શ્રદ્ધાંજલિરૂપી પુષ્પાંજલી...
લી.
અનિલભાઈ ચૌહાણ
જગદીશભાઈ વાવડીયા
હરેશભાઈ આખજા
હસુભાઈ પોપટ
પંકજભાઈ ઈન્દ્રોડીયા
ધર્મેશભાઈ વાવડીયા
લલીતભાઈ વેકરીયા
વિપુલભાઈ કૈલા
વિપુલભાઈ ત્રિવેદી
ખાદી મિત્ર સર્કલ – બાબરા
મુ.બાબરા, તા.બાબરા, જિ. અમરેલી.

LG Life's Good.
LG વોશર ડ્રાયર
વોશિંગ & ડ્રાઇંગ
ની નવી શૈલી

20% CASHBACK
આકર્ષક શ્રેણી

LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377

હાર્દિક અભિનંદન
શ્રી કૌશિક વેકરિયા
નાયબ મુખ્ય દંડક : ગુજરાત વિધાનસભા
ધારાસભ્યશ્રી અમરેલી

અમરેલી શહેરની જનતાના પીવાનાં પાણી માટેની ફેવી સિંચાઇ યોજનામાં વધારે પાણીનો સંગ્રહ થાય તે માટે આપશ્રીએ રાજ્ય સરકાર પાસેથી વધારાની જમીન સંપાદન માટે કરોડો રૂપિયાની સહાય,મંજુર કરાવીને શહેરની પીવાનાં પાણીની સમસ્યા દુર કરવાનું કાર્ય કરેલ હોય તે બદલ આપશ્રીને ખુબ ખુબ અભિનંદન...
: શુભેચ્છક :

શ્રી વનરાજભાઈ કોઠીવાળ
પૂર્વ પ્રમુખશ્રી
તાલુકા પંચાયત – અમરેલી
સંગેશ્યામ મોટી ડેલી
મુ.નાના માચીયાળા,તા.જી.અમરેલી

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELL..(Gujarat)